સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC
## CURRENT AFFAIRS

**WEEK 43 (22/10/22 to 29/10/22)**

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)













JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**22 OCT-2022**

- દિવસ મહિમા : 22 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય ખચકાટ જાગૃતિ દિવસ ..... 02
- વિમેન્સ T-20 એશિયા કપ, 2022 : ભારતનો વિજય ..... 02
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સૌથી મોટા શાળાકીય મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સનો પ્રારંભ કરાવ્યો ..... 03
- QUESTION ANSWERS ..... 05

**23 OCT-2022**

- દિવસ મહિમા : 23 ઓક્ટોબર, International Snow Leopard Day ..... 06
- 36th National Games ..... 06
- રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (National Curriculum Framework) ..... 10
- એન્ના મે વોંગ અમેરિકન ચલણ પર દેખાતા પ્રથમ એશિયન - અમેરિકન બન્યા ..... 11
- QUESTION ANSWERS ..... 12

**24 OCT-2022**

- દિવસ મહિમા : 24 ઓક્ટોબર, સંયુક્ત રાષ્ટ્ર દિવસ, વિશ્વ પોલિયો દિવસ, વિશ્વ વિકાસ માહિતી દિવસ ..... 14
- દિલ્હીમાં ઈન્ટરપોલની 90મી જનરલ એસેમ્બલીની બેઠક ..... 15
- આબોહવા પારદર્શિતા અહેવાલ - 2022 ..... 17
- QUESTION ANSWERS ..... 18

**25 OCT-2022**

- 'અગ્નિ પ્રાઈમ' બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું ..... 19
- DefExpo - 2022 ..... 21
- સ્વદેશ દર્શન યોજના 2.0 ..... 24
- QUESTION ANSWERS ..... 26

**26 OCT-2022**

- પંજાબમાં એશિયાના સૌથી મોટા કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યુ ..... 27
- ચક્રવાત સિતરંગ (Cyclone Sitrang) ..... 27
- National Credit Framework ..... 29
- QUESTION ANSWERS ..... 32

**27 OCT-2022**

- દિવસ મહિમા : 27 ઓક્ટોબર, વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ હેરિટેજ દિવસ, પાયદળ દિવસ ..... 33
- ભારતના વધુ બે દરિયા કિનારાને 'Blue Flag Certification' મળ્યુ ..... 33
- ભારત અને અમેરિકા વચ્ચે ટાઈગર ટ્રાયમ્ફ કવાયત યોજાઈ ..... 34
- QUESTION ANSWERS ..... 35

**28 OCT-2022**

- દિવસ મહિમા : 22 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ ..... 36
- ઉત્સર્જન ગેપ રિપોર્ટ 2022 (Emissions Gap Report 2022) ..... 36
- 2022 યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેન્ટ ચેન્જ કોન્ફરન્સ (COP 27) ઇજિપ્તમાં યોજાશે ..... 37
- QUESTION ANSWERS ..... 38

**29 OCT-2022**

- દિવસ મહિમા : 29 ઓક્ટોબર, વિશ્વ સોરાયિસસ દિવસ, આતંરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ ..... 39
- વિશ્વ ક્ષય રોગ રિપોર્ટ - 2022 : WHO ..... 39
- વિશ્વ દ્દષ્ટિ દિવસ - 2022 ..... 41
- QUESTION ANSWERS ..... 42

**ONE LINER** ..... 43

**QUESTION OF THIS WEEK** ..... 50


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય ખચકાટ જાગૃતિ દિવસ (International Stuttering Awarness Day)

નોંધ : બોલવામાં ખચકાટ અનુભવતા લોકો અથવા તો તોતડુ બોલતા લોકો અંગે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસ ઉજવાય છે.

## વિમેન્સ T-20 એશિયા કપ, 2022 : ભારતનો વિજય




તાજેતરમાં 1 ઓક્ટોબરથી 15 ઓક્ટોબર, 2022 દરમિયાન 'વિમેન્સ T-20 એશિયા કપ, 2022' બાંગ્લાદેશના સિલ્હેટ ખાતે યોજાયો હતો.

- વિમેન્સ એશિયા કપની આ આઠમી આવૃત્તિ હતી. તથા આ ટુર્નામેન્ટ T-20 ફોર્મેટ તરીકે યોજાઈ હતી.
- જેમાં શ્રીલંકાને પરાજય આપીને ભારતીય મહીલા ટીમે સાતમી વખત આ એશિયા કપ ટુર્નામેન્ટ જીતી છે.
- ભારત અને શ્રીલંકા વચ્ચેની આ ફાઈનલ મેચ બાંગ્લાદેશમાં સિલ્હેટ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
- એશિયા કપની આ ફાઈનલ મેચમાં ભારતના સુશ્રી રેણુકા સિંઘ 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર થયા હતા.
- જ્યારે આ ટુર્નામેન્ટમાં 13 વિકેટ ઝડપીને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ભારતના સુશ્રી દીપ્તિ શર્મા 'પ્લેયર ઓફ ધ સિરીઝ' જાહેર થયા હતા.
- વિમેન્સ એશિયા કપ 2022માં ભારત, બાંગ્લાદેશ, મલેશિયા, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ અને સંયુક્ત આરબ અમિરાતની ટીમોએ ભાગ લીધો હતો.

### વિમેન્સ એશિયા કપ 2022માં સૌથી વધુ રન

વિમેન્સ એશિયા કપ 2022માં સૌથી વધુ રન ભારતીય મહિલા ક્રિકેટર સુશ્રી જેમિમાહ રોડ્રિગ્સે ફટકાર્યા હતા.

- સુશ્રી જેમિમાહ રોડ્રિગ્સે આ ટુર્નામેન્ટમાં 217 રન ફટકાર્યા હતા.

### વિમેન્સ એશિયા કપ 2022માં સૌથી વધુ વિકેટ

વિમેન્સ એશિયા કપ 2022માં ભારતીય મહિલા ક્રિકેટર સુશ્રી દીપ્તિ શર્મા અને શ્રીલંકાના મહિલા ક્રિકેટર સુશ્રી ઈનોકા રણવીરાએ સૌથી વધુ વિકેટ ઝડપી હતી.

- આ બંને મહિલા ક્રિકેટરોએ 13-13 વિકેટ ઝડપી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXA

## વિમેન્સ એશિયા કપ

વિમેન્સ એશિયા કપનો પ્રારંભ વર્ષ 2004થી થયો હતો.

- સામાન્ય રીતે દર બે વર્ષે આ ટુર્નામેન્ટ યોજાય છે.
- અત્યાર સુધીમાં સૌથી વધુ સાત વખત ભારતે આ ટુર્નામેન્ટ જીતી છે.
- ત્યારબાદ બાંગ્લાદેશે એક વખત આ ટુર્નામેન્ટ જીતી છે.
- 2004 થી 2008 સુધી વિમેન્સ એશિયા કપ વન–ડે ફોર્મેટમાં યોજાયો હતો.
- ત્યારબાદ વર્ષ 2012થી વિમેન્સ એશિયા કપ T-20 ફોર્મેટમાં યોજાય છે.
- પ્રથમ મહિલા એશિયા કપ વર્ષ 2004માં શ્રીલંકાના કોલંબો અને કેન્ડીમાં યોજાયો હતો.

નોંધ : (1) આ અગાઉ મેન્સ એશિયા કપનું આયોજન થયું હતું. જેમાં 2022ની આ ટુર્નામેન્ટમાં શ્રીલંકાનો વિજય થયો હતો.

(2) વિમેન્સ એશિયા કપમાં અત્યાર સુધીમાં સૌથી વધુ રન ભારતના મહિલા ક્રિકેટર સુશ્રી મિતાલી રાજે ફટકાર્યા છે.

(3) વિમેન્સ એશિયા કપમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વિકેટ ભારતીય મહિલા ક્રિકેટર સુશ્રી નીતુ ડેવિડે ઝડપી છે.

(4) આ ટુર્નામેન્ટમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન સુશ્રી હરમનપ્રીત કૌર હતા.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સૌથી મોટા શાળાકીય મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સનો પ્રારંભ કરાવ્યો

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના અડાલજ ખાતેથી 'મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

- આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે તાજેતરમાં દેશ મોબાઈલ અને ઈન્ટરનેટ 5G ટેક્નોલોજીના યુગમાં પ્રવેશ્યો છે.
- તથા મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સના માધ્યમથી 20 હજારથી વધુ સ્કૂલો 5G દોરમાં પ્રવેશ કરી રહી છે.

- આ અંતર્ગત 50,000 નવા ક્લાસરૂમ અને 1 લાખથી વધુ સ્માર્ટ ક્લાસરૂમને આધુનિક ઢબે વિકસિત કરવામાં આવશે, જે રાજ્ય શિક્ષણ વ્યવસ્થાની આધુનિક માળખાગત સુવિધાઓની સાથે બાળકોના જીવનમાં પણ વ્યાપક બદલાવ લાવવાની દિશામાં કામ કરશે.
- 5G ટેક્નોલોજીના માધ્યમથી વર્ચ્યુઅલ શિક્ષણ વ્યવસ્થાના પરિણામે રાજ્યના છેવાડા સુધી શ્રેષ્ઠ શિક્ષકો દ્વારા શિક્ષણ ઉપલબ્ધ બનશે.

નોંધ : (1) એપ્રિલ, 2022માં એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB) અને વિશ્વ બેન્કે ગુજરાતમાં 'મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ' માટે રૂ. 7,500 કરોડની લોન આપવાની જાહેરાત કરી હતી.

(2) તથા સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટની માહિતી એકઠી કરવા અને અભ્યાસ કરવા માટે વિશ્વ બેન્કના એક પ્રતિનિધિ મંડળે ગાંધીનગરની મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ બેંકના ગ્લોબલ એજ્યુકેશનના ડિરેક્ટર શ્રી જૈમે સાવેડ્રાએ કર્યુ હતું.

## મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સની વિશેષતાઓ

- આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાનો છે.
- મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત સરકાર આગામી પાંચ વર્ષમાં રૂ. 10,000 કરોડ ખર્ચવાની યોજના ધરાવે છે.
- રાજ્યની તમામ 5,847 ગ્રાન્ટ–ઈન–એઈડ (સહાયિત શાળા) અને 35,133 સરકારી શાળાઓને આ મિશન હેઠળ આવરી લેવામાં આવશે.
- આ ઉપરાંત દ્વિભાષી શિક્ષણ પદ્ધતિને પણ મહત્વ આપવામાં આવશે.
- રાજ્યભરની 41,000 સરકારી અને સહાયિત શાળાઓમાં નવા વર્ગખંડો, 1.5 લાખ સ્માર્ટ વર્ગખંડો, 20,000 નવી કમ્પ્યુટર લેબ અને 5000 STEM લેબોરેટરી (અટલ ટિંકરિંગ લેબ્સ) બનાવવામાં આવશે.

નોંધ : મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સમાં શાળાઓમાં વિશ્વકક્ષાની સુવિધાઓ, ધોરણદીઠ શિક્ષક, ધોરણદીઠ વર્ગખંડ તથા એક્સેલન્સ અભ્યાસક્રમમાં ધોરણ 1થી અંગ્રેજી વિષય અને ધોરણ 6થી દ્વિભાષીય શિક્ષણનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'આંતરરાષ્ટ્રીય ખચકાટ જાગૃતિ દિવસ' અથવા તો 'International Stuttering Awareness Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 ઓક્ટોબર (B) 22 ઓક્ટોબર (C) 23 ઓક્ટોબર (D) 24 ઓક્ટોબર (B)

2. તાજેતરમાં 'વિમેન્સ T-20 એશિયા કપ, 2022' (ક્રિકેટ ટુર્નામેન્ટ)નું આયોજન થયું હતું. આ ટુર્નામેન્ટ કોણે જીતી છે ?

(A) શ્રીલંકા (B) ભારત (C) બાંગ્લાદેશ (D) પાકિસ્તાન (B)

3. વિમેન્સ એશિયા કપ 2022માં ભારતે કોને પરાજય આપીને આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ?

(A) પાકિસ્તાન (B) શ્રીલંકા (C) માલદીવ (D) બાંગ્લાદેશ (B)

4. વિમેન્સ એશિયા કપ 2022ની શ્રીલંકા અને ભારત વચ્ચેની ફાઈનલ મેચ કયા સ્ટેડિયમમાં રમાઈ હતી ?

(A) સિલ્હેટ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ, બાંગ્લાદેશ

(B) શારજાહ ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ, યુએઈ.

(C) કોલંબો ઈન્ટરનેશનલ સ્ટેડિયમ, શ્રીલંકા

(D) વાનખડે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ–મુંબઈ, ભારત (A)

5. 'વિમેન્સ એશિયા કપ 2022'માં પ્લેયર ઓફ ધ સિરીઝ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) સુશ્રી સ્મૃતિ મંધાના (B) સુશ્રી ઈનોકા રણવીરા

(C) સુશ્રી હસિના પરેરા (D) સુશ્રી દીપ્તિ શર્મા (D)

6. વિમેન્સ એશિયા કપનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

(A) 1982 (B) 1996 (C) 2004 (D) 2012 (C)

7. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના કયા સ્થાળેથી 'મિશન સ્કૂલ એક્સેલન્સ'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો ?

(A) અડાલજ (B) સાણંદ (C) બાવળા (D) બરવાળા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 ઓક્ટોબર, International Snow Leopard Day

## 36th National Games


તાજેતરમાં '36મી નેશનલ ગેમ્સ'નું આયોજન 29 સપ્ટેમ્બરથી 12 ઓક્ટોબર, 2022 દરમિયાન ગુજરાતમાં થયું હતું.

- 36મી નેશનલ ગેમ્સનું આયોજન ગુજરાતના 6 શહેર અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગરમાં થયું હતું.
- 36મી નેશનલ ગેમ્સમાં 28 રાજ્યો, 8 કેન્દ્રશાસિત પ્રદેશ અને એક ભારતીય સશસ્ત્ર દળોનું પ્રતિનિધિત્વ કરતી ટીમ (સર્વિસિસ) એમ કુલ 37 ટીમોએ ભાગ લીધો હતો.
- વર્ષ 2022માં યોજાયેલ આ 36મી નેશનલ ગેમ્સમાં કુલ 36 રમતોમાં અંદાજિત 7000 જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- આ વર્ષે નેશનલ ગેમ્સમાં યોગાસન અને મલ્લખાંબનો ઉમેરો થયો છે.
- સાત વર્ષના લાંબા સમયગાળા પછી નેશનલ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ગેમ્સની છેલ્લી આવૃત્તિ વર્ષ 2015માં કેરળમાં યોજાઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 36મી નેશનલ ગેમ્સનું ઉદ્‌ઘાટન

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 36મી નેશનલ ગેમ્સનું ઉદ્‌ઘાટન અમદાવાદના 'નરેન્દ્રમોદી સ્ટેડિયમ' ખાતેથી કર્યુ હતું.



- આ પ્રસંગે 700થી વધુ કલાકારો દ્વારા 'જય જય ગરવી ગુજરાત'ની ગાથા પ્રસ્તુત કરવામાં આવી હતી.

### માસ્કોટ / લોગો

36મી નેશનલ ગેમ્સનું સત્તાવાર માસ્કોટ 'સાવજ' (Savaj) હતું. (એશિયાટિક સિંહ)



- લોગોમાં રમતગમતના ચિત્રો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીનું બનેલું એશિયાટિક સિંહનું માથુ દર્શાવવામાં આવ્યું હતું.
- તથા સત્તાવાર સુત્ર 'Celebrating Unity through Sports' (રમત દ્વારા એકતાની ઉજવણી) હતું.

## મેડલ ટેબલ

36મી નેશનલ ગેમ્સ મેડલ ટેલીમાં 'સર્વિસિસ (Services/સેવાઓ) પ્રથમ ક્રમે રહ્યું છે.

- સર્વિસિસ 61 ગોલ્ડ, 35 સિલ્વર અને 32 બ્રોન્ઝ સહિત કુલ 128 મેડલ સાથે ટોચ પર રહ્યું છે.
- ત્યારબાદ મહારાષ્ટ્ર બીજા અને હરિયાણા ત્રીજા ક્રમાકે છે.
- ગુજરાત મેડલ ટેલીમાં 12મા ક્રમે રહ્યુ છે.
- ગુજરાતે 13 ગોલ્ડ, 15 સિલ્વર અને 21 બ્રોન્ઝ સહિત કુલ 49 મેડલ જીત્યા છે.

### 36મી નેશનલ ગેમ્સ મેડલ ટેલી

| ક્રમ | રાજ્ય/અન્ય | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | સર્વિસિસ | 61 | 35 | 32 | 128 |
| 2 | મહારાષ્ટ્ર | 39 | 38 | 63 | 140 |
| 3 | હરિયાણા | 38 | 38 | 40 | 116 |
| 4 | કર્ણાટક | 27 | 23 | 38 | 88 |
| 5 | તમિલનાડુ | 25 | 22 | 27 | 74 |
| 12 | ગુજરાત | 13 | 15 | 21 | 49 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ :(1) સર્વિસિસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ (SSCB) એ ભારતીય સશસ્ત્રો દળો દ્વારા સંચાલિત સ્પોર્ટ્સ બોર્ડ છે.

(2) તેની રચના 1919માં આર્મી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ તરીકે કરવામાં આવી હતી. અને બાદમાં તેનું નામ બદલીને સર્વિસિસ સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડ રાખવામાં આવ્યું હતું.

(3) બોર્ડને નેશનલ ગેમ્સમાં સેવાઓ અથવા સર્વિસિસ તરીકે રજૂ કરવામાં આવે છે.



## 36મી નેશનલ ગેમ્સ - 2022માં ગુજરાતે જીતેલા મેડલ

| રમત | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| એક્વેટિક્સ | 3 | 6 | 2 | 11 |
| તિરંદાજી | 0 | 1 | 2 | 3 |
| બેડમિન્ટન | 0 | 0 | 2 | 2 |
| બીચ સ્પોર્ટ્સ | 0 | 1 | 0 | 1 |
| બોક્સિંગ | 0 | 0 | 2 | 2 |
| કેનોઈંગ | 0 | 1 | 0 | 1 |
| જુડો | 0 | 0 | 2 | 2 |
| મલ્લખાંબ | 0 | 0 | 1 | 1 |
| નેટબોલ | 0 | 0 | 1 | 1 |
| રોલર સ્પોર્ટ્સ | 0 | 1 | 0 | 1 |
| શૂટિંગ | 1 | 0 | 0 | 1 |
| સોફ્ટ ટેનિસ | 1 | 2 | 2 | 5 |
| ટેબલ ટેનિસ | 3 | 0 | 3 | 6 |
| ટેનિસ | 2 | 1 | 2 | 5 |
| ટ્રાયથ્લોન | 1 | 1 | 0 | 2 |
| રેસલિંગ | 0 | 0 | 1 | 1 |
| યોગાસન | 2 | 1 | 1 | 4 |
| કુલ | 13 | 15 | 21 | 49 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 36મી નેશનલ ગેમ્સમાં મહત્વના એવોર્ડ

36મી નેશનલ ગેમ્સમાં કેરળના શ્રી સાજન પ્રકાશે 'શ્રેષ્ઠ પુરુષ એથ્લેટ'નો એવોર્ડ જીત્યો છે.

- તથા કર્ણાટકના સુશ્રી હાશિકા રામચંદ્રએ 'શ્રેષ્ઠ મહિલા એથ્લેટ'નો એવોર્ડ જીત્યો છે.
- શ્રી સાજન પ્રકાશે 5 ગોલ્ડ, 2 સિલ્વર અને 1 બ્રોન્ઝ સાથે કુલ 8 મેડલ જીત્યા હતા.
- જ્યારે સુશ્રી હાશિકા રામચંદ્રએ 6 ગોલ્ડ અને 1 બ્રોન્ઝ સાથે કુલ 7 મેડલ જીત્યા હતા.

- સૌથી વધુ 128 મેડલ સાથે ટોચના ક્રમે રહેનાર સર્વિસિસે સતત ચોથા વર્ષે રાજા ભાલિન્દ્ર સિંઘ ટ્રોફી જીતી છે.
- જ્યારે શ્રેષ્ઠ રાજ્યની ટ્રોફી મહારાષ્ટ્રને આપવામાં આવી છે.

## 36મી નેશનલ ગેમ્સ વિશે પરીક્ષાલક્ષી કેટલીક મહત્વની માહિતી

- ગુજરાત માટે સુશ્રી માના પટેલે સૌથી વધુ 6 મેડલ જીત્યા છે.
- ઓવરઓલ એક્ટેવિક્સમાં ગુજરાતને 49માથી 11 મેડલ મળ્યા હતા.
- આ ઉપરાંત ગુજરાતે ટેબલ ટેનિસમાં 6, ટેનિસ અને સોફ્ટ ટેનિસમાં 5-5 તથા યોગાસનમાં 4 મેડલ જીત્યા હતા.
- 29 ટીમોએ ઓછામાં ઓછો એક ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- IIT ગાંધીનગરમાં આયોજિત ટ્રેક એન્ડ ફિલ્ડ ઈવેન્ટ્સમાં 38 અને રાજકોટમાં યોજાયેલ એક્વેટિક્સની ઈવેન્ટ્સમાં 36 નેશનલ રેકોર્ડ તુટ્યા હતા.
- 36મી નેશનલ ગેમ્સનું એન્થમ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' હતું. જેને પ્રસિદ્ધ સિંગર સુખવિંદર સિંઘ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.
- વેઈટ લિફ્ટિંગ ઈવેન્ટમાં ઓલિમ્પિક તથા કોમનવેલ્થ મેડાલિસ્ટ સુશ્રી મીરાબાઈ ચાનુએ 49 કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ પોતાના નામે કર્યો હતો.
- ગુજરાતના પ્રતિભાશાળી મહિલા તીરંદાજ સુશ્રી અમિતા રાઠવાએ તીરંદાજીની વ્યક્તિગત ઈવેન્ટમાં સિલ્વર અને ટીમ ઈવેન્ટમાં ગુજરાતને બ્રોન્ઝ અપાવ્યો હતો.
- સુશ્રી ભવાની દેવી ફેન્સીંગની રમત સાથે સંકળાયેલ છે.
- ગુજરાતના 10 વર્ષીય શ્રી શૌર્યજીત ખૈરે નેશનલ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને સૌને ચોંકાવી દીધા હતા.
- શ્રી શૌર્યજીત ખૈરે મલ્લખાંબ સાથે સંકળાયેલા છે.
- ટેનિસ ઈવેન્ટની વિમેન્સ સિંગલ્સમાં ગુજરાતના સુશ્રી ઝીલ દેસાઈએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- સુશ્રી માના પટેલ સ્વિમિંગ સાથે સંકળાયેલા છે.
- શ્રી આર્યન નેહરા સ્વિમિંગ સાથે સંકળાયેલા છે.
- મહેસાણાના સુશ્રી પૂજા પટેલે પરંપરાગત યોગાસનમાં 10 ખેલાડીઓની ફાઈનલમાં 62.46 પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- પૂજા પટેલ અને કોમલ મકવાણાએ પેર ઈવેન્ટમાં યોગાસનમાં ગોલ્ડ જીત્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમાપન સમારોહ

ગુજરાતની યજમાનીમાં યોજાયેલી 36મી નેશનલ ગેમ્સનો સમાપન સમારોહ સુરત ખાતે યોજાયો હતો.

- સમાપન સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર, લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલા તથા ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.
- આ ઉપરાંત આ પ્રસંગે આગામી નેશનલ ગેમ્સના યજમાન ગોવાના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત ગોવાના રમતગમત મંત્રી શ્રી ગોવિંદ ગૌડેને યજમાની માટે ભારતીય ઓલિમ્પિક સંઘનો ધ્વજ અર્પણ કર્યો હતો.

## નેશનલ ગેમ્સ

નેશનલ ગેમ્સની શરૂઆત ઓલિમ્પિક ચળવળમાંથી થઈ હતી, જે 1920ના દાયકામાં ભારતમાં અત્યંત લોકપ્રિય બની હતી.

- શરૂઆતના વર્ષોમાં ભારતની રાષ્ટ્રીય રમતોનું આયોજન ભારતીય ઓલિમ્પિક રમતો દ્વારા કરવામાં આવ્યું હતું.
- ભારતીય ઓલિમ્પિક ગેમ્સની પ્રથમ આવૃત્તિ 1924માં લાહોર (વર્તમાન પાકિસ્તાન)માં યોજાઈ હતી.
- ભારતીય ઓલિમ્પિક ગેમ્સને 1940ના દાયકાની શરૂઆતમાં રાષ્ટ્રીય રમત તરીકે નિયુક્ત કરવામાં આવી હતી.
- ઉત્તરપ્રદેશના લખનૌ શહેરે સ્વતંત્ર ભારતમાં રાષ્ટ્રીય રમતોની શરૂઆતની આવૃત્તિનું આયોજન કર્યુ હતું.
- આ ગેમ્સનો સમયગાળો અને નિયમો ભારતીય ઓલિમ્પિક સંઘના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.
- હવે પછી વર્ષ 2023માં ગોવામાં નેશનલ ગેમ્સનું આયોજન થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (National Curriculum Framework)

તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે 3 થી 8 વર્ષના બાળકોના મૂળભૂત સ્તરના શિક્ષણ માટે 'રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક' (National Curriculum Framework) શરૂ કર્યુ છે.

## રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF)

રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (NCF)ના ચાર પરિમાણો છે :

(a) શાળા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક.

(b) પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક.

(c) શિક્ષક શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક.

(d) પુખ્ત શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક.

- આ રૂપરેખા 'પંચકોષ' ખ્યાલ પર ધ્યાન કેન્દ્રિત કરે છે – શરીર – મનના સમન્વયની પ્રાચીન ભારતીય પરંપરાથી પ્રેરિત.

- NCFના પાંચ ભાગો છે – શારીરિક વિકાસ, જીવન શક્તિનો વિકાસ, ભાવનાત્મક અને માનસિક વિકાસ, બૌધિક વિકાસ અને આધ્યાત્મિક વિકાસ.
- નવી શિક્ષણ નીતિ-2020 લાગુ કરવા માટે આ એક મહત્વપૂર્ણ પગલુ છે.


## એન્ના મે વોંગ અમેરિકન ચલણ પર દેખાતા પ્રથમ એશિયન - અમેરિકન બન્યા

હોલીવુડમાં ચીની–અમેરિકન ફિલ્મ સ્ટાર અન્ના મે વોંગ (Anna May Wong) અમેરિકન ચલણમાં દર્શાવનાર પ્રથમ એશિયન–અમેરિકન બનશે.

- અન્ના મે વોંગની ક્લોઝ–અપ છબી દર્શાવતા ક્વાર્ટર ડોલરનો સિક્કો (Quarter-dollar Coin) 24 ઓક્ટોબર, 2022ના રોજ ચલણમાં અમલમાં આવ્યો હતો.
- અમેરિકન વુમન ક્વાર્ટર્સ (AWQ) પ્રોગ્રામમાં આ પાંચમો સિક્કો હશે.
- તેમાં લેટિન શબ્દસમૂહ 'E PLURIBUS UNUM' હશે, જેનો અર્થ થાય છે 'ઘણામાંથી એક'.
- અમેરિકામાં વ્યાપક જાતિવાદ વચ્ચે મોશન પિક્ચર્સ, ટેલિવિઝન અને થિયેટરમાં દાયકાઓ લાંબી કારકિર્દી ધરાવતા એન્ના મે વોંગને હોલિવૂડના પ્રથમ ચાઈનીઝ–અમેરિકન સ્ટાર ગણવામાં આવે છે.
- પ્રથમ એશિયન મહિલા અભિનેત્રી તરીકે તેમને ભેદભાવનો સામનો કરવો પડ્યો હતો.
- તેમને હોલીવૂડ વોક ઓફ ફેમ પર એક સ્ટાર મળ્યો હતો. આવુ કરનાર તે પ્રથમ એશિયન અમેરિકન અભિનેત્રી હતા.

નોંધ :(1) અમેરિકન મહિલા ક્વાર્ટર્સ (AWQ) પ્રોગ્રામ એ ચાર વર્ષનો કાર્યક્રમ છે. જે 2022 થી 2025 સુધી અમેરિકામાં મહિલાઓની સિદ્ધિઓનું સન્માન કરે છે.

(2) આ કાર્યક્રમના ભાગરૂપે યુએસ મિન્ટ અમેરિકન ઈતિહાસમાં નોંધપાત્ર મહિલાઓના પોટ્રેટની શ્રેણી બહાર પાડશે.



1. 'International Snow Leopard Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર — (B)

2. તાજેતરમાં '36મી નેશનલ ગેમ્સ (2022)'નું આયોજન કયા રાજ્યમાં થયું હતું ?

(A) ગુજરાત (B) કેરળ (C) મધ્યપ્રદેશ (D) હરિયાણા — (A)

3. 36મી નેશનલ ગેમ્સનું આયોજન ગુજરાતના નીચેના પૈકી કયા શહેરોમાં થયું હતું ?

(A) અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર

(B) અમદાવાદ, વડોદરા, જામનગર, જુનાગઢ

(C) અમદાવાદ, સુરત, ગાંધીનગર

(D) અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, અમરેલી, મહેસાણા — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. વર્ષ 2022 પહેલા નેશનલ ગેમ્સની છેલ્લી આવૃત્તિ વર્ષ 2015માં કયા રાજ્યમાં યોજાઈ હતી ?

(A) રાજસ્થાન (B) મેઘાલય (C) ત્રિપુરા (D) કેરળ — (D)

5. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 36મી નેશનલ ગેમ્સનું ઉદ્‌ઘાટન કયા સ્ટેડિયમ ખાતેથી કરાવ્યું હતું ?

(A) સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ, રાજકોટ

(B) નરેન્દ્રમોદી સ્ટેડિયમ, અમદાવાદ

(C) બરોડા ક્રિકેટ સ્ટેડિયમ, વડોદરા

(D) માધવરાય સિંધિયા સ્ટેડિયમ, રાજકોટ — (B)

6. 36મી નેશનલ ગેમ્સનું સત્તાવાર માસ્કોટ શું હતું ?

(A) વાઘ (Vagh) (B) સાવજ (Savaj)

(C) હિમાલય (Himalay) (D) એકપણ નહીં — (B)

7. 36મી નેશનલ ગેમ્સમાં કોને સૌથી વધુ 61 ગોલ્ડ મેડલ પ્રાપ્ત થયા હતા ?

(A) સર્વિસીસ (સેવાઓ) (B) હરિયાણા (C) કર્ણાટક (D) મહારાષ્ટ્ર — (A)

8. 36મી નેશનલ ગેમ્સ મેડલ ટેલિમાં કુલ 49 મેડલ સાથે ગુજરાત કેટલામાં ક્રમે રહ્યુ છે ?

(A) 7મા (B) 9મા (C) 12મા (D) 16મા — (C)

9. 36મી નેશનલ ગેમ્સમાં કોણે 'શ્રેષ્ઠ પુરુષ એથ્લેટ'નો એવોર્ડ જીત્યો છે ?

(A) શ્રી નીરજ ચોપડા (B) શ્રી સાજન પ્રકાશ

(C) શ્રી અવિનાશ સેબલ (D) શ્રી મુરલી શ્રીશંકર (B)

10. 36મી નેશનલ ગેમ્સમાં કોણે 'શ્રેષ્ઠ મહિલા એથ્લેટ'નો એવોર્ડ જીત્યો છે ?

(A) સુશ્રી હાશિકા રામચંદ્ર (B) સુશ્રી દુતી ચંદ

(C) સુશ્રી હિમા દાસ (D) સુશ્રી લલીતા બાબર (A)

11. 36મી નેશનલ ગેમ્સમાં કઈ ટીમ (રાજ્ય/અન્ય)ને 'રાજા ભાલિન્દ્ર સિંઘ' ટ્રોફી એનાયત કરવામાં આવી છે ?

(A) મહારાષ્ટ્ર (B) કર્ણાટક (C) સર્વિસીસ (D) ગુજરાત (C)

12. 36મી નેશનલ ગેમ્સમાં 'શ્રેષ્ઠ રાજ્ય'ની ટ્રોફી કોને આપવામાં આવી છે ?

(A) મહારાષ્ટ્ર (B) કેરળ (C) તમિલનાડુ (D) હરિયાણા (A)

13. '36મી નેશનલ ગેમ્સ' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ગુજરાત માટે સુશ્રી માના પટેલે સૌથી વધુ 6 મેડલ જીત્યા છે.
2. ઓવરઓલ એક્ટેવિક્સમાં ગુજરાતને 11 મેડલ મળ્યા હતા.
3. 61 ગોલ્ડ મેડલ સાથે હરિયાણા ટોચ પર રહ્યુ હતું.
4. ગુજરાતના 10 વર્ષીય શ્રી શૌર્યજીત ખૈરે મલ્લખાંબમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

14. તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે ________ વર્ષના બાળકોના મૂળભૂત સ્તરના શિક્ષણ માટે 'રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (National Curriculum Framework) શરૂ કર્યુ છે.

(A) 2 થી 4 (B) 3 થી 8 (C) 8 થી 10 (D) 10 થી 12 (B)

15. ________ અમેરિકન ચલણ પર દેખાતા પ્રથમ એશિયન–અમેરિકન બન્યા છે.

(A) એન્ના મે વાંગ (B) ઝાઓ લુસી (C) ઝાંગ ઝિયી (D) યાંગ મી (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 ઓક્ટોબર, (1) સંયુક્ત રાષ્ટ્ર દિવસ (United Nations Day)
## (2) વિશ્વ પોલિયો દિવસ (World Polio Day)
## (3) વિશ્વ વિકાસ માહિતી દિવસ (World Development Information Day)

### સંયુક્ત રાષ્ટ્ર દિવસ




દર વર્ષે 24 ઓક્ટોબરના દિવસને 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસના રોજ 'સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર' અમલમાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર (UN Charter) એ સંયુક્ત રાષ્ટ્રની સ્થાપનાનું દસ્તાવેજ છે.
- આ દસ્તાવેજ પર 26 જૂન, 1945ના રોજ સાન ફ્રાન્સિસ્કોમાં આંતરરાષ્ટ્રીય સંગઠનના યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સના સમાપન પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- જે 24 ઓક્ટોબર, 1945ના રોજ અમલમાં આવ્યું હતું.
- આથી આ દિવસની યાદમાં દર વર્ષે 24 ઓક્ટોબરના રોજ 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

### વિશ્વ પોલિયો દિવસ




પોલિયો રસીકરણ અને પોલિયો નાબૂદી અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 24 ઓક્ટોબરે 'વિશ્વ પોલિયો દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની શરૂઆત એક દાયકા પહેલા રોટરી ઈન્ટરનેશનલ દ્વારા જોનાસ સાલ્કની જન્મજંયતિ નિમિત્તે કરવામાં આવી હતી.
- જેમણે પોલિયો અથવા પોલિયોમેલિટિસ સામે રસી વિકસાવવા માટે નેતૃત્વ કર્યુ હતું.
- ગ્લોબલ પોલિયો ઈરેડિકેશન ઈનિશિયેટિવ (GPEI) દ્વારા વૈશ્વિક સ્તરે રોગની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.
- વિશ્વ પોલિયો દિવસ 'World Polio Day 2022 and Beyond : A healthier Future for mothers and children' છે.

## દિલ્હીમાં ઈન્ટરપોલની 90મી જનરલ એસેમ્બલીની બેઠક

ભારતે તાજેતરમાં 'ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન' (ઈન્ટરપોલ)ની 90મી જનરલ એસેમ્બલીનું આયોજન કર્યુ હતું.

- આ મહાસભા અથવા એસેમ્બલી 18 થી 21 ઓક્ટોબર દરમિયાન દિલ્હીમાં યોજાઈ હતી.
- 1997 પછી આ બીજી વખત છે જ્યારે 195 સભ્યોની સંસ્થા ભારતમાં આટલી મોટી કોન્ફરન્સનું આયોજન કર્યુ છે.
- જનરલ એસેમ્બલી એ ઈન્ટરપોલની સર્વોચ્ચ સંચાલક મંડળ છે જેમાં તમામ 195 સભ્ય દેશોના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.
- સમગ્ર વિશ્વમાં સામાન્ય ગુનાઓના નિવારણ અને દમન તરફ તમામ પોલીસ અધિકારીઓ વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવા ઈન્ટરપોલ વર્ષમાં એક વખત મળે છે.
- આ સામાન્ય સભાના પ્રતિનિધિઓમાં મોટાભાગે પોલીસ વડા અને મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓ હોય છે.
- ઈન્ટરપોલ જનરલ એસેમ્બલીનો હેતુ સંસ્થાને તેના ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટેના સિદ્ધાંતો અને માધ્યમો નક્કી કરવાનો છે.
- તે આગામી વર્ષ માટેની પ્રવૃત્તિઓ અને નાણાકીય નીતિના કાર્યક્રમની સમીક્ષા કરશે અને મંજૂર કરશે.
- તે કારોબારી સમિતિના સભ્યોની પણ પસંદગી કરે છે.
- તે વરિષ્ઠ કાયદા અમલીકરણ અધિકારીઓને અનુભવો અને શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવાની તકો પૂરી પાડે છે.

### Interpol Metaverse

કાયદાના અમલીકરણ માટે ખાસ રચાયેલ વિશ્વની પ્રથમ મેટાવર્સની ઈન્ટરપોલની નવી દિલ્હીમાં યોજાયેલી 90મી જનરલ એસેમ્બલીમાં શરૂઆત કરવામાં આવી હતી.

- તે રજિસ્ટર્ડ વપરાશકર્તાઓને તેમના અવતાર દ્વારા અન્ય અધિકારીઓ સાથે વાર્તાલાપ કરવા માટે લ્યોન, ફ્રાન્સમાં ઈન્ટરપોલ સેક્રેટરી જનરલના હેડક્વાર્ટરની વર્ચ્યુઅલ ટૂર કરવા સક્ષમ બનાવે છે.
- તે ફોરેન્સિક તપાસ અને અન્ય પોલીસિંગ કૌશલ્ય પર તાલીમ અભ્યાસક્રમો પણ પ્રદાન કરે છે.
- ઈન્ટરપોલના સિક્યોર ક્લાઉડ દ્વારા આ નવી શરૂ કરવામાં આવેલી સુવિધા આપવામાં આવી છે.
- તે હાલમાં ઈન્ટરપોલના 195 સભ્ય દેશોના કાયદા અમલીકરણ અધિકારીઓ દ્વારા ઉપયોગ માટે સંપૂર્ણપણે કાર્યરત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે રિમોર્ટ વર્કિંગ ક્ષમતાઓ, નેટવર્કિંગ, ગુનાના દશ્યોમાંથી પુરાવાના સંગ્રહ અને જાળવણી તથા ક્ષમતા નિર્માણ જેવા લાભો પ્રદાન કરે છે.
- તે તાલિમાર્થીઓને કાયદા અમલીકરણ સંબંધિત નવી કુશળતામાં વ્યવહારુ અનુભવ મેળવવા સક્ષમ બનાવે છે.
- મેટાવર્સની ભૂમિકા નજીકના ભવિષ્યમાં વ્યાપક બનવાની અપેક્ષા છે.

## ઈન્ટરપોલ

ઈન્ટરપોલનું પૂરું નામ '<u>International Criminal Police Organization</u>' છે.

- તેની સ્થાપના વર્ષ <u>1923માં</u> વિવિધ પોલીસ દળો પાસેથી પ્રાપ્ત માહિતીના સંગ્રહ અને પ્રસાર દ્વારા વિશ્વભરના પોલીસ દળોની ગુનાહિત તપાસને સરળ બનાવવા માટે એક સુરક્ષિત માહિતી–આદાન–પ્રદાન પ્લેટફોર્મ તરીકે કરવામાં આવી હતી.
- તે સૌથી જૂની આંતરરાષ્ટ્રીય પોલીસ સંસ્થા છે.
- આ સંગઠનની સ્થાપનાનો પ્રસ્તાવ <u>1914માં</u> પ્રથમ <u>ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ કોંગ્રેસ</u> દરમિયાન કરવામાં આવ્યો હતો.
- ભારત <u>1949માં</u> આ સંગઠનમાં જોડાયુ હતું.
- તેનું મુખ્યમથક <u>ફ્રાન્સના લ્યોનમાં</u> આવેલું છે.
- તે વિવિધ વિસ્તારોમાં ગુનેગારો અને પોલીસ રડાર હેઠળના લોકોની ગતિવિધિઓ પર નજર રાખે છે અને પોલીસ દળોને સૂચનો આપે છે કે જેમણે કાં તો ઈન્ટરપોલની મદદ માંગી હતી અથવા તેના મતે તેની પાસે ઉપલબ્ધ વિગતોનો લાભ મેળવશે.
- તે ફોજદારી પોલીસ દળો વચ્ચે શક્ય તેટલી વ્યાપક પરસ્પર સહાયતાને પ્રોત્સાહન આપવાનો હેતુ ધરાવે છે.

## ઈન્ટરપોલનું માળખુ

ઈન્ટરપોલનું નેતૃત્વ અધ્યક્ષ કરે છે, જે સામાન્ય સભા દ્વારા ચૂંટાય છે.

- તેઓ સભ્ય દેશોમાંથી છે અને <u>ચાર વર્ષ</u> સુધી પદ સંભાળે છે.
- સામાન્ય સભા દ્વારા ચૂંટાયેલા પૂર્ણ–સમયના સેક્રેટરી જનરલ દ્વારા દૈનિક પ્રવૃત્તિઓની દેખરેખ રાખવામાં આવે છે, જેઓ પાંચ વર્ષ માટે હોદ્દો ધરાવે છે.
- જનરલ એસેમ્બલી તેના સચિવાલય દ્વારા અમલ માટે નીતિ નક્કી કરે છે જેમાં સાયબરક્રાઈમ, આતંકવાદ, ડ્રગ હેરફેર, નાણાકીય ગુના, પર્યાવરણીય અપરાધ, માનવ તસ્કરી વગેરે માટે ઘણા વિશેષ નિર્દેશાલયો છે.
- દરેક સભ્ય દેશ તે દેશમાં ઈન્ટરપોલનું પ્રતિનિધિત્વ કરે છે.
- દેશની કાયદા અમલીકરણ એજન્સીનો ઈન્ટરપોલ સાથેનો તમામ સંપર્ક દેશની સર્વોચ્ચ તપાસ સંસ્થા દ્વારા થાય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) ભારતમાં આ ભૂમિકાને તેના એક વરિષ્ઠ અધિકારી સાથે સંભાળે છે, જે વિશ્વ સંસ્થા સાથે માહિતી અને સંપર્ક સંકલન માટે તેના વિશેષ ઈન્ટરવિંગનું નેતૃત્વ કરે છે.

## આબોહવા પારદર્શિતા અહેવાલ - 2022

આબોહવા પારદર્શિતા અહેવાલ (Climate Transparency Report)ની આઠમી આવૃત્તિ તાજેતરમાં બહાર પાડવામાં આવી હતી.

- આ રિપોર્ટ, જેમાં G20 દેશો દ્વારા આબોહવા ક્રિયાઓનું મૂલ્યાંકન કર્યુ હતું, તેમાં જાણવા મળ્યુ છે કે આબોહવા કટોકટી બગડતી હોવા છતા અશ્મિભૂત ઈંધણ ઉત્પાદન માટે સભ્યોનું સમર્થન 2021માં 64 બિલિયન અમેરિકન ડોલરની નવી ઊંચાઈએ પહોંચ્યું છે.
- વ્યાપક સરકારી અશ્મિભૂત ઈંધણ સબસિડી, જે 2020માં ઘટીને 147 બિલિયન અમેરિકન ડોલર થઈ ગઈ હતી, તે 2021માં ફરી 29 ટકા વધીને 190 બિલિયન અમેરિકન ડોલર થઈ ગઈ છે.
- સબસિડી 2022માં ચાલુ રહેશે, આંશિક રીતે યુક્રેનમાં રશિયન યુદ્ધને કારણે ઊર્જા ક્ષેત્રમાં ફુગાવો થયો છે, જેણે ઉત્પાદનના નફામાં વધારો કર્યો છે.
- અશ્મિભૂત ઈંધણ માટે સૌથી વધુ કુલ સબસિડી ધરાવતા G20 સભ્યો ચીન, ઈન્ડોનેશિયા અને યુનાઈટેડ કિંગ્ડમ છે.
- આ સબસિડી પેરિસ કરાર હેઠળ સંમત થયેલી 1.5°C વોર્મિંગ મર્યાદાને વટાવીને ગ્લોબલ વોર્મિંગમાં ફાળો આપી રહી છે અને 2021માં ગ્લાસગો આયોજિત COP-26માં તેની પુષ્ટિ કરવામાં આવી છે.
- રિપોર્ટમાં એ પણ જાણવા મળ્યુ છે કે ગયા વર્ષે G20 દેશોમાં ઊર્જા ઉત્સર્જનમાં 5.9 ટકાનો વધારો થયો છે.
- 2021માં વીજળી અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઉત્સર્જન મહામારી પહેલાના સ્તરને વટાવી ગયું હતું.
- ચીન અને તુર્કીમાં આ પ્રદેશોમાં માથાદીઠ ઉત્સર્જન હાલમાં 2019ના સ્તરને વટાવી ગયુ છે.
- રિન્યુએબલ એનર્જી શેરમાં સૌથી વધુ વૃદ્ધિ ધરાવતા દેશોમાં યુનાઈટેડ કિંગ્ડમ (67 ટકા), જાપાન (48 ટકા) અને મેક્સિકો (40 ટકા) છે.
- સૌથી ઓછો વિકાસ રશિયા (16 ટકા) અને ઈટાલી (14 ટકા)માં જોવા મળ્યો હતો.
- ભારતને 2021માં અતિશય ગરમીના કારણે સેવાઓ, ઉત્પાદન, કૃષિ અને બાંધકામ ક્ષેત્રે 159 બિલિયન અમેરિકન ડોલર (તેના GDPના 5.4 ટકા)ની આવકનું નુકસાન થયું હતું.
- ગરમીના સંસર્ગને કારણે ભારતે 167 અબજ સંભવિત શ્રમ કલાકો ગુમાવ્યા છે.

**નોંધ :** ક્લાઈમેન્ટ ટ્રાન્સપરન્સી રિપોર્ટ એ G20 દેશોના આબોહવા માપદંડોનો સૌથી વ્યાપક વાર્ષિક અભ્યાસ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'સંયુક્ત રાષ્ટ્ર દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 21 ઓક્ટોબર (B) 22 ઓક્ટોબર (C) 23 ઓક્ટોબર (D) 24 ઓક્ટોબર (D)

2. 'વિશ્વ પોલિયો દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર (C)

3. 'વિશ્વ વિકાસ માહિતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર (C)

4. તાજેતરમાં ઈન્ટરપોલની 90મી જનરલ એસેમ્બલીની બેઠક કયાં યોજાઈ હતી ?

(A) દિલ્હી (B) કાઠમંડુ (C) ટોક્યો (D) ન્યૂયોર્ક (A)

5. તાજેતરમાં ઈન્ટરપોલની 90મી જનરલ એસેમ્બલીની બેઠક ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાઈ હતી. આ ઈન્ટરપોલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ ક્રિમિનલ પોલીસ ઓર્ગેનાઈઝેશન' છે.
2. તેની સ્થાપના વર્ષ 1923માં કરવામાં આવી હતી.
3. તેની સ્થાપના 1917માં થયેલ 'મોસ્કો ઘોષણા' આધારિત છે.
4. તેનું મુખ્યમથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) ફક્ત 2 અને 3 (C)

6. 'ઈન્ટરપોલ'નું વડું મથક કયાં આવેલું છે ?

(A) ન્યુયોર્ક, અમેરિકા (B) ટોક્યો, જાપાન

(C) સીડની, ઓસ્ટ્રેલિયા (D) લ્યોન, ફ્રાન્સ (D)

7. તાજેતરમાં 'Climate Transparency Report'ની આઠમી આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી. તે કયા જૂથ સાથે સંકળાયેલ છે ?

(A) G20 (B) NATO (C) QUAD (D) BIMSTEC (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'અગ્નિ પ્રાઈમ' બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું



તાજેતરમાં DRDOએ સ્વદેશી રીતે વિકસિત નવી પેઢીની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ 'અગ્નિ પ્રાઈમ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.

- ઓડિશાના બાલાસોર ખાતે આવેલા ડો. અબ્દુલ કલામ આઈસલેન્ડ (જૂનું નામ : વ્હીલર આઈલેન્ડ) પરથી આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- અગ્નિ પ્રાઈમ મિસાઈલનું આ ત્રીજું પરીક્ષણ છે.
- પ્રથમ પરીક્ષણ જૂન, 2021માં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજું પરીક્ષણ ડિસેમ્બર 2021માં કરવામાં આવ્યું હતું.
- આ સફળ પરીક્ષણો સાથે મિસાઈલને હવે સ્ટ્રેટેજિક ન્યુક્લિયર કમાન્ડ દ્વારા યુઝર ટ્રાયલ માટે મૂકવામાં આવશે, જે ભારતના વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્રોના ભંડારના સંચાલન માટે જવાબદાર છે.
- આ પરીક્ષણો પૂર્ણ થયા પછી અગ્નિ પ્રાઈમને સત્તાવાર રીતે વ્યૂહાત્મક દળો કમાન્ડ શસ્ત્રાગારમાં સામેલ કરવામાં આવશે.

### અગ્નિ પ્રાઈમ મિસાઈલ વિશે

અગ્નિ પ્રાઈમ મિસાઈલને ટૂંકમાં 'Agni-P' તરીકે ઓળખવામાં આવે છે.

- અગ્નિ પ્રાઈમ બે તબક્કાની 'Canisterized' (કેનિસ્ટર બેઝ્ડ સિસ્ટમ) મિસાઈલ છે.
- તે ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP) હેઠળ વિકસિત મિસાઈલોની અગ્નિશ્રેણીનું નવીનતમ અને છઠ્ઠુ સંસ્કરણ છે.
- અગ્નિ પ્રાઈમ મિસાઈલની રેન્જ 1000 થી 2000 કિ.મી.ની છે.
- આ મિસાઈલ 1000 થી 2000 કિ.મી.ની રેન્જમાં વિવિધ સ્વતંત્ર રીતે લક્ષિત વિવિધ પુનઃપ્રવેશ વાહનો સાથે વિવિધ સ્થળોએ વિવિધ યુદ્ધ–શસ્ત્રો પહોંચાડવા સક્ષમ છે.
- 1.2 મીટર વ્યાસ અને 10.5 મીટર લંબાઈની મિસાઈલ 1.5 ટન સુધીના યુદ્ધ–શસ્ત્રોને લઈ જઈ શકે છે.
- આ મિસાઈલ યુઝર સાથે સંકળાયેલા કેટલાક લોન્ચિંગ પછી સશસ્ત્ર દળોમાં સામેલ કરવામાં આવશે.
- તેમાં ડ્યુઅલ નેવિગેશન અને ગાઈડન્સ સિસ્ટમ છે.
- અગ્નિ પ્રાઈમ મિસાઈલ ભવિષ્યમાં ભારતની વિશ્વસનીય પ્રતિરોધકતાને વધુ મજબૂત કરશે.

**નોંધ :** (1) 'કેનિસ્ટર બેઝ્ડ લોન્ચ સિસ્ટમ' પરિવહન માટેના કન્ટેનર તરીકે કાર્ય કરે છે.

(2) કેનિસ્ટર બેઝ્ડ સિસ્ટમ મિસાઈલને લોન્ચ કરવા માટે આવશ્યક સમયને ઘટાડે છે અને તેના સંગ્રહ અને ગતિશિલતામાં સુધારો કરે છે.

## અન્ય અગ્નિ મિસાઈલની પ્રહાર ક્ષમતા

| ક્રમ | મિસાઈલ | પ્રહાર ક્ષમતા |
|---|---|---|
| 1 | અગ્નિ-I | 700થી 800 કિ.મી. |
| 2 | અગ્નિ-II | 2000 કિ.મી. |
| 3 | અગ્નિ-III | 2500 કિ.મી. |
| 4 | અગ્નિ-IV | 3500 કિ.મી. |
| 5 | અગ્નિ-V | 5000 કિ.મી. |

## ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP)ની સ્થાપનાનો વિચાર પ્રખ્યાત વૈજ્ઞાનિક ડો. એ. પી. જે. અબ્દુલ કલામે આપ્યો હતો.

- તેનો ઉદ્દેશ મિસાઈલ ટેકનોલોજી ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો હતો.
- તેને વર્ષ 1983માં ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું અને માર્ચ 2012માં પૂર્ણ થયું હતું.
- આ પ્રોગ્રામ હેઠળ વિકસિત 5 મિસાઈલો છે. જે નીચે કોષ્ટકમાં આપવામાં આવી છે :

| ક્રમ | મિસાઈલ | વિશેષતા |
|---|---|---|
| 1 | પૃથ્વી | સપાટીથી સપાટી પર પ્રહાર કરનાર ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે. |
| 2 | અગ્નિ | તે સપાટીથી સપાટી પર પ્રહાર કરવા સક્ષમ મધ્યમ રેન્જની બેલિસ્ટિક મિસાઈલ છે. (એટલે કે અગ્નિ 1, 2, 3, 4, 5) |
| 3 | ત્રિશુલ | સપાટીથી હવામાં પ્રહાર કરતી ટૂંકા અંતરની મિસાઈલ છે. |
| 4 | નાગ | તે ત્રીજી પેઢીની એન્ટિ ટેન્ક મિસાઈલ છે. |
| 5 | આકાશ | તે સપાટીથી આકાશમાં પ્રહાર કરનાર મધ્યમ રેન્જવાળી મિસાઈલ છે. |

- IGMDP પ્રોગ્રામ હેઠળની મિસાઈલ એટલે કે ઉપરોક્ત કોષ્ટકમાં આપેલ મિસાઈલને યાદ રાખવાનું સુત્ર : P-A-T-N-A

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# DefExpo - 2022




તાજેતરમાં DefExpoની 12મી આવૃત્તિ ગુજરાતમાં ગાંધીનગર ખાતે 18 થી 12 ઓક્ટોબર દરમિયાન યોજાઈ હતી.

- આ ઈવેન્ટ ગાંધીનગર ઉપરાંત અમદાવાદમાં પણ યોજાઈ હતી.
- **DefExpoની 11મી આવૃત્તિ વર્ષ 2020માં** ઉત્તરપ્રદેશના લખનૌમાં યોજાઈ હતી.

## DefExpo શું છે ?

**DefExpo** એ સંરક્ષણ મંત્રાલયની મુખ્ય દ્વિવાર્ષિક ઈવેન્ટ છે, જે જમીન, નૌકાદળ, હવાઈ તેમજ માતૃભૂમિ સુરક્ષા પ્રણાલીઓનું પ્રદર્શન કરે છે.

## DefExpo 2022 વિશે

તેનું સૌપ્રથમવાર ચાર–સ્થળ ફોર્મેટમાં આયોજન કરવામાં આવ્યું હતું.

- જેમાં સંરક્ષણમાં આત્મનિર્ભરતા માટે લોકોને જોડવા અને તેમને એરોસ્પેસ અને સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવાનો સમાવેશ થાય છે.
- તેનો ઉદ્દેશ્ય સ્થાનિક સંરક્ષણમાં ઉદ્યોગની તાકાત દર્શાવવાનો છે. જે હવે સરકાર અને રાષ્ટ્રના 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ'ના સંકલ્પને અનુસરે છે.
- તે માત્ર ભારતીય કંપનીઓ માટે આ પ્રથમ એડિશન છે.
- આ ઈવેન્ટમાં ડિફેન્સ પબ્લિક સેક્ટર અંડરટેકિંગ્સ **(DPSUs)** અને ખાનગી સંસ્થાઓના સાધનો અને કૌશલ્યોનું જીવંત પ્રદર્શન સામેલ હતું.
- આ ઉપરાંત ભારત–આફ્રિકા સંરક્ષણ સંવાદની બીજી આવૃત્તિ તથા હિંદ મહાસાગર ક્ષેત્ર **(IOR)** પ્લસ કોન્કલેવનું પણ આયોજન થયું હતું.
- **DefExpo 2022**નું ફોકસ આફ્રિકા અને **IOR**ના દેશોમાં સંરક્ષણ નિકાસને વેગ આપવાનું છે.

## DefExpo 2022ની થીમ

**DefExpo 2022**ની થીમ **'Path to Pride'** છે.

## Mission DefSpace

DefExpo 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મિશન ડેફસ્પેસ' લોન્ચ કર્યુ હતું.

- આ ઉપરાંત તેમણે ચોથી સંરક્ષણ સ્વદેશીકરણ સૂચિ પણ બહાર પાડી છે, જે ચોક્કસ સમયમર્યાદા પછી 101 વસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂકવા માગે છે.
- મિશન ડેફસ્પેસ એ ભારતીય ઉદ્યોગ અને સ્ટાર્ટ–અપ્સ દ્વારા અવકાસ ક્ષેત્રમાં ત્રણ સેવાઓ (ભારતીય વાયુસેના, નૌકાદળ અને આર્મી) માટે નવીન ઉકેલો વિકસાવવાનો મહત્વાકાંક્ષી પ્રયાસ છે.
- સ્પેસ સેક્ટરમાં સંરક્ષણ જરૂરિયાતોને આધારે નવીન ઉકેલો મેળવવા માટે 75 પડકારોનો ઉકેલ લાવવામાં આવી રહ્યો છે.
- સ્ટાર્ટઅપ્સ, ઈનોવેટર્સ અને ખાનગી ક્ષેત્રને આક્રમક અને રક્ષણાત્મક બંને ક્ષમતાઓ ધરાવતી સમસ્યાઓના ઉકેલો શોધવા માટે આમંત્રિત કરવામાં આવશે.
- તેનો ઉદ્દેશ અવકાશ યુદ્ધ માટે લશ્કરી કાર્યક્રમોની શ્રેણી વિકસાવવાનો અને ખાનગી ઉદ્યોગને ભવિષ્યના આક્રમક અને રક્ષણાત્મક જરૂરિયાતો માટે સશસ્ત્ર દળોના ઉકેલો પ્રદાન કરવા સક્ષમ બનાવવાનો છે.
- અવકાશમાં સંરક્ષણ એપ્લિકેશનો માત્ર ભારતીય સશસ્ત્રદળોને જ મદદ કરશે નહીં પરંતુ વિદેશી મૈત્રીપૂર્ણ રાષ્ટ્રો સુધી પણ તેનો વિસ્તાર કરી શકાય છે.

નોંધ : (1) ચોથી સ્વદેશીકરણ સૂચિ એ એવા ઉપકરણો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે જે વિકસાવવામાં આવી રહ્યા છે અને તે આગામી 5-10 વર્ષમાં મજબૂત ઓર્ડરમાં પરિવર્તિત થવાની સંભાવના છે.

(2) ચોથી સૂચિમાં સૂચિબદ્ધ સાધનો માત્ર સ્થાનિક સંરક્ષણ ઉદ્યોગને સશસ્ત્ર દળોના વલણો તેમજ ભવિષ્યની જરૂરિયાતોને સમજવામાં મદદ કરશે નહીં, પરંતુ દેશમાં જરૂરી સંશોધન અને વિકાસ તથા ઉત્પાદન ક્ષમતા માટે પૂરતી તકો પણ પ્રદાન કરશે.

## HTT - 40

સ્વદેશી મૂળભૂત ટ્રેનર એરક્રાફ્ટ HTT-40નું DefExpo 2022ની આવૃત્તિ દરમિયાન અનાવરણ કરવામાં આવ્યું હતું.

- HTT-40 (હિન્દુસ્તાન ટર્બો ટ્રેનર-40) એ ભારતીય વાયુસેના (IAF) માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા વિકસિત મૂળભૂત ટ્રેનર એરક્રાફ્ટ છે.
- તે IAF HPT-30 દીપક ટ્રેનર એરક્રાફ્ટના જૂના કાફલાને બદલશે.
- તે તેમની શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ ઈંધણ કાર્યક્ષમતા અને પાવર રેટિંગ આપે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે ટૂંકા અંતરથી ઉડી શકે છે અને ઝડપથી ઊંચાઈ સુધી પહોંચી શકે છે.
- તેની મહત્તમ ઝડપ 450 કિ.મી./કલાક છે અને મહત્તમ 1000 કિ.મી.ની ઊંચાઈએ પહોંચી શકે છે.
- તે ફ્લેપ ડાઉન સાથે 135 કિ.મી./કલાકની સ્ટીલ સ્પીડ ધરાવે છે.
- HTT-40નો ઉપયોગ બેઝિક ફ્લાઈટ ટ્રેનિંગ, એરોબેટિક્સ, ઈન્સ્ટ્રુમેન્ટ ફ્લાઈંગ અને ક્લોઝ ફોર્મેશન ફ્લાઈટ માટે કરવામાં આવશે.
- એરક્રાફ્ટ લેટેસ્ટ એવિઓનિક્સ, એર કન્ડિશન્ડ કેબિન અને ઈજેક્શન સીટોથી સજ્જ છે.
- તેમણે ગયા વર્ષે તેની સ્પિન ફ્લાઈટ સર્ટિફિકેશન ટેસ્ટ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

## ભારત - આફ્રિકા સંરક્ષણ સંવાદ

બીજો ભારત–આફ્રિકા સંરક્ષણ સંવાદ (IADD) ગાંધીનગર ખાતે DefExpo 2022 દરમિયાન યોજાયો હતો.

- આ સંવાદની થીમ 'સંરક્ષણ અને સુરક્ષા સહકારમાં સમન્વય અને મજબૂત કરવા માટેની વ્યૂહરચના અપનાવવી' હતી.
- ગાંધીનગર ઘોષણા ભારત–આફ્રિકા સંરક્ષણ સંવાદ (IADD)ના પરિણામ દસ્તાવેજ તરીકે અપનાવવામાં આવી હતી.
- તે પરસ્પર હિતના તમામ ક્ષેત્રોમાં તાલીમમાં સહકાર વધારવાની દરખાસ્ત કરે છે.

(a) તાલીમ સ્લોટ અને તાલીમ ટીમોની પ્રતિનિયુક્તિમાં વધારો.

(b) આફ્રિકાના સંરક્ષણ દળોનું સશક્તિકરણ અને ક્ષમતા નિર્માણ.

(c) કવાયતમાં ભાગીદારી.

(d) કુદરતી આફતો દરમિયાન માનવતાવાદી સહાય પૂરી પાડવી.

- ભારત–આફ્રિકા સંરક્ષણ સહયોગ પર એક વોલ્યુમ પણ બહાર પાડવામાં આવ્યું હતું.

## ભારત - આફ્રિકા સુરક્ષા ફેલોશિપ પ્રોગ્રામ

DefExpo 2022 દરમિયાન યોજાયેલ ભારત–આફ્રિકા સંરક્ષણ સંવાદમાં 'ભારત–આફ્રિકા સુરક્ષા ફેલોશોપી પ્રોગ્રામ' કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.

- આ નવી શરૂ કરાયેલી ફેલોશિપ આફ્રિકાના વિદ્વાનોને ભારતમાં સંરક્ષણ અને સુરક્ષાના પાસાઓ પર સંશોધન કરવાની તક આપશે.
- આ પ્રોગ્રામ હેઠળ ફેલો મનોહર પર્રિકર ઈન્સ્ટિટ્યૂટ ફોર ડિફેન્સ સ્ટડીઝ એન્ડ એનાલિસિસ (MP-IDSA)નો એકથી ત્રણ મહિના સુધી ભાગ રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સંશોધન દરમિયાન તેને સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.
- તે ભારતીય અને આફ્રિકન સંશોધકો વચ્ચેના સંબંધોને વધારશે અને વ્યૂહાત્મક મુદ્દાઓ પર પરસ્પર ક્ષમતાઓને પ્રોત્સાહન આપશે.

નોંધ : (1) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરના મહાત્મા મંદીરમાં ડિફેન્સ એક્સ્પો 2022નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

(2) ડિફેન્સ એક્સ્પો 2022માં 1300થી વધારે ભારતીય પ્રદર્શકો અને 100થી વધારે સ્ટાર્ટઅપ્સ તથા MSMEએ ભાગ લીધો હતો. આ ઉપરાંત 450થી વધુ MoU અને એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર થયા હતા.

## સ્વદેશ દર્શન યોજના 2.0

તાજેતરમાં 'સ્વદેશ દર્શન 2.0' (જાન્યુઆરી 2023થી શરૂ)ના પ્રથમ તબક્કાના ભાગરૂપે સરકારે ભારતની નવી સ્થાનિક પ્રવાસન નીતિને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર દેશમાં 15 રાજ્યોની ઓળખ કરી છે.




- આ નીતિ થીમ આધારિત પ્રવાસન સર્કિટની બહાર ગંતવ્ય પર્યટનને ફરીથી દિશા આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- ઓળખ કરાયેલા કેટલાક સ્થળોમાં ઉત્તરપ્રદેશમાં ઝાંસી અને પ્રયાગરાજ, મધ્યપ્રદેશ ગ્વાલિયર, ચિત્રકૂટ અને ખજૂરાહો અને મહારાષ્ટ્રમાં અંજતા અને ઈલોરા જેવા સ્થળોનો સમાવેશ થાય છે.

### સ્વદેશ દર્શન યોજના 2.0

'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે 2.0 નામની નવી યોજનાનો ઉદ્દેશ પ્રવાસન સ્થળ તરીકે ભારતની સંપૂર્ણ ક્ષમતાને સાકાર કરીને 'આત્મનિર્ભર ભારત'નું લક્ષ્ય હાંસલ કરવાનો છે.

- સ્વદેશ દર્શન 2.0 એ વધતો ફેરફાર નથી પરંતુ સ્વદેશ દર્શન યોજનાને ટકાઉ અને જવાબદાર પ્રવાસન સ્થળો વિકસાવવાના એકંદર મિશન તરીકે વિકસાવવા માટેનો પેઢીગત ફેરફાર છે.
- તે પ્રવાસન સ્થળોના સામાન્ય અને વિષય–વિશિષ્ટ વિકાસ માટે માપદંડો અને ધોરણોના વિકાસને પ્રોત્સાહિત કરશે. જેથી કરીને રાજ્યના પ્રોજેક્ટ્સનું આયોજન અને વિકાસ કરતી વખતે માપદંડો અને ધોરણોનું પાલન કરી શકાય.

- આ યોજના હેઠળ પ્રવાસન ક્ષેત્ર માટે નીચેના મુખ્ય વિષયો ઓળખવામાં આવ્યા છે :
  (1) સંસ્કૃતિ અને વિરાસત, (2) સાહિસક, (3) પરિસ્થિતિ પ્રવાસન, (4) કલ્યાણકારી,
  (5) MICE પ્રવાસન, (6) ગ્રામીણ પ્રવાસન, (7) દરિયાકાંઠાના પ્રવાસન,
  (8) જહાજ–મહાસાગર અને અંતરિયાળ

### મહત્વ

આ યોજના સ્થાનિક અર્થતંત્રોમાં પ્રવાસનનું યોગદાન વધારવા માંગે છે.

- તેનો ઉદ્દેશ્ય સ્થાનિક સમુદાયો માટે સ્વ–રોજગાર સહિત રોજગારનું સર્જન કરવાનો છે.
- તથા કૌશલ્યો અને સ્થાનિક યુવાનોની પર્યટન અને આતિથ્યમાં ખાનગી ક્ષેત્રના રોકાણમાં વધારો અને સ્થાનિક સાંસ્કૃતિક અને કુદરતી સંસાધનોને સાચવવા અને સમૃદ્ધ બનાવવાનો છે.

નોંધ : (1) દેશમાં થીમ આધારિત પ્રવાસન સર્કિટના વિકાસ માટે વર્ષ 2014-15માં સ્વદેશ દર્શન યોજનાની શરૂઆત કરવામાં આવી હતી.

(2) આ યોજના હેઠળ પંદર થીમ આધારિત સર્કિટની ઓળખ કરવામાં આવી છે – બૌદ્ધ સર્કિટ, તટીય સર્કિટ, ડેઝર્ટ સર્કિટ, ઈકો સર્કિટ, હિમાલયન સર્કિટ, હેરિટેઝ સર્કિટ, કૃષ્ણ સર્કિટ, નોર્થ ઈસ્ટ સર્કિટ, રામાયણ સર્કિટ, ગ્રામિણ સર્કિટ, આધ્યાત્મિક સર્કિટ, સૂફિ સર્કિટ, તીર્થંકર સર્કિટ, જનજાતિય સર્કિટ અને વન્યજીવ સર્કિટ.

(3) તેને કેન્દ્ર દ્વારા 100% ધિરાણપોષિત કરવામાં આવે છે તથા કેન્દ્ર અને રાજ્ય સરકારો અન્ય યોજનાઓ સાથે અભિસરણ કરે છે.



1. તાજેતરમાં DRDOએ સ્વદેશી રીતે વિકસિત નવી પેઢીની પરમાણુ સક્ષમ બેલિસ્ટિક મિસાઈલ 'અગ્નિ પ્રાઈમ' (Agni-P)નું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. અગ્નિ પ્રાઈમ એ 'ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (IGMDP) હેઠળ અગ્નિ વર્ગની નવી પેઢીનું અપગ્રેડ કરેલું સંસ્કરણ છે.
   2. અગ્નિ પ્રાઈમ અથવા અગ્નિ–પી એ ડ્યુઅલ નેવિગેશન અને ગાઈડન્સ સિસ્ટમ સાથે બે તબક્કાની સોલિડ પ્રોપેલન્ટ મિસાઈલ છે.
   3. અગ્નિ પ્રાઈમ મિસાઈલની રેન્જ 1000 થી 2000 કિ.મી.ની છે.
   4. તે 1.2 મીટર વ્યાસ અને 10.5 મીટર લંબાઈની મિસાઈલ 1.5 ટન સુધીના યુદ્ધ–શસ્ત્રોને લઈ જઈ શકે છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

2. તાજેતરમાં ગુજરાતના ગાંધીનગર ખાતે 'DefExpo'ની કેટલામી આવૃત્તિનું આયોજન થયું હતું ?

   (A) 10મી (B) 11મી (C) 12મી (D) 13મી (C)

3. DefExpo 2022ની થીમ શું હતી ?

   (A) Path to Pride
   (B) India : The Emerging Defance Manufacturing
   (C) Rise to Futurism
   (D) Strong Defance (A)

4. નીચેના વિધાન પર વિચાર કરો :

   1. સંસ્કૃતિ અને વિરાસત
   2. સાહસિક
   3. પરિસ્થિતિ પ્રવાસન
   4. ગ્રામીણ પ્રવાસન
   5. દરિયાઈકાંઠાના પ્રવાસન

   સ્વદેશ દર્શન યોજના 2.0માં ઉપરોક્ત કયા વિષયનો સમાવેશ થાય છે.

   (A) ફક્ત 1, 3 અને 5 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3, 4 અને 5 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પંજાબમાં એશિયાના સૌથી મોટા કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન



કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી શ્રી હરદીપ સિંહ પૂરીએ તાજેતરમાં પંજાબના લેહરગાગા ખાતે એશિયાના સૌથી મોટા કમ્પ્રેસ્ડ બાયો ગેસ (CBG) પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યુ છે.

- લેહરગામ ખાતે કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ રૂ.230 કરોડના ખર્ચે 20 એકર જમીન પર બાંધવામાં આવ્યો હતો.
- વર્બિયો એજીના ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) સાથે પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો.
- આ CBG પ્લાન્ટ હાલમાં દરરોજ 6 ટન ડાંગરના સ્ટ્રોને પ્રોસેસ કરવા સક્ષમ છે.
- બાદમાં આ ક્ષમતા વધારીને દરરોજ 300 ટન ડાંગર કરવામાં આવશે, જેનો ઉપયોગ 10000 ક્યુબીક મીટરના આઠ ડાયજેસ્ટનો ઉપયોગ કરીને 33 tpd કોમ્પ્રેસ્ડ બાયોગેસ બનાવવા માટે કરવામાં આવશે.
- તેનાથી પંજાબમાં પરાળ (ચોખા, ઘઉં વગેરેનું સુકુ ઘાસ) સળગાવવાની સમસ્યા દૂર થશે.
- આ CBG પ્લાન્ટ 1,00,000 ટન ડાંગરના સ્ટ્રોનો વપરાશ કરશે, જે પ્લાન્ટની 10 કિમીની ત્રિજ્યામાં 6 થી 8 સ્થળોએથી ખરીદવામાં આવશે.
- તે દરરોજ 600-650 ટન FOM (આથોયુક્ત કાર્બનિક ખાતર) ઉત્પન્ન કરશે. આ ખાતરનો ઉપયોગ ઓર્ગેનિક ખેતી માટે કરવામાં આવશે.
- આ પ્લાન્ટ 390 લોકોને પ્રત્યક્ષ રોજગાર અને 585 લોકોને પરોક્ષ રોજગાર આપશે.
- આ પ્રોજેક્ટથી સંગરૂર જિલ્લાના ખેડૂતોની આવકમાં વધારો થશે.
- નવો CBG પ્લાન્ટ એ સસ્ટેનેબલ અલ્ટરનેટિવ ટુવર્ડ્સ એફોર્ડેબલ ટ્રાન્સપોર્ટેશન (SATAT) યોજનાના લક્ષ્યોને હાંસલ કરવાની દિશામાં એક પગલું છે.

**નોંધ :** ભારત સરકારે સંભવિત રોકાણકારો દ્વારા રસની અભિવ્યક્તિને આમંત્રિત કરીને સમગ્ર દેશમાં CBG ઉત્પાદન પ્લાન્ટ સ્થાપવા માટે 2018માં SATAT યોજના શરૂ કરી હતી.

## ચક્રવાત સિતરંગ (Cyclone Sitrang)

તાજેતરમાં બંગાળની ખાડીમાં ઉદ્‌ભવલુ ચક્રવાત સિતરંગ (Sitrang/સિત્રાંગ) બાંગ્લાદેશમાં નીચાણવાળા અને ગીચ વસતીવાળા વિસ્તારમાં ત્રાટક્યુ હતું. જેના કારણે ભારે વિનાશ સર્જાયો હતો.

- સિતરંગ એ 2022ના ચોમાસા પછીની મોસમનું પ્રથમ ઉષ્ણકટિબંધીય ચક્રવાત છે.

### ચક્રવાત સિતરંગનું નામકરણ

ચક્રવાત સિતરંગનું નામ થાઈલેન્ડ દ્વારા આપવામાં આવ્યું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્ગીકરણ

- <u>ભારતીય હવામાન વિભાગ (IMD)</u> ચક્રવાતને તેમની મહત્તમ સ્થિર પવનની ગતિ (Maximum Sustained Surface wind Speed-MSW)ના આધારે વર્ગીકૃત કરે છે.
- હવાની ગતિના આધારે <u>IMD</u> અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે :

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિમી/કલાકમાં) |
|---|---|---|
| 1 | લો પ્રેશર | 31 થી ઓછી |
| 2 | ડિપ્રેશન | 31 થી 49 |
| 3 | ડીપ ડિપ્રેશન | 50 થી 61 |
| 4 | ચક્રવાતી તોફાન | 62 થી 88 |
| 5 | ગંભીર ચક્રવાતી તોફાન | 89 થી 117 |
| 6 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 167 |
| 7 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 168 થી 221 |
| 8 | સુપર ચક્રવાતી તોફાન | 222 થી વધુ |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશઃ નામ આપવામાં આવે છે.

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

<u>$45^0$ પૂ. થી $100^0$ પૂ.</u> વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ <u>ભારત મૌસમ વિભાગ</u> (India Meteorologycal Department (IMD)/ RSMC, નવી દિલ્હી દ્વારા)આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી <u>ઉત્તર હિંદ મહાસાગરમાં</u> ઉદ્ભવતા ચક્રવાતને <u>ક્રમશ</u> : નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્ભવેલ ચક્રવાત સિતરંગનું નામ <u>થાઈલેન્ડ</u> દ્વારા સુચિત કરવામાં આવ્યું હતું.

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

## National Credit Framework




તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે 'નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક' (NCrF)ના ડ્રાફ્ટનું અનાવરણ કર્યું હતું.

- જેનો ઉદ્દેશ્ય સમગ્ર શિક્ષણ પ્રણાલીને શાળાથી યુનિવર્સિટી સુધી શૈક્ષણિક 'ક્રેડિટ' શાસન હેઠળ લાવવાનો છે અને તેમાં જાહેર દષ્ટિકોણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટેની માંગ કરવામાં આવી છે.

### નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક

નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (NCrF) એ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

- તે શાળાકીય શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, વ્યવસાયિક તાલીમ અને કૌશલ્ય શિક્ષણ દ્વારા મેળવેલા ધિરાણને એકીકૃત કરવા માટે શિક્ષણ પરની રાષ્ટ્રીય નીતિ 2020 હેઠળ તે એક માળખું છે.
- ફ્રેમવર્ક મુજબ વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા કલાકોની સંખ્યાના આધારે શૈક્ષણિક વર્ષ વ્યાખ્યાયિત કરવામાં આવશે.

- શૈક્ષણિક વર્ષના અંતે દરેકને તે મુજબ ક્રેડિટ આપવામાં આવશે.
- ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રો માટે આ પ્રકારનું માળખુ પહેલેથી જ અસ્તિત્વમાં છે. આવું પ્રથમ વખત છે કે તે શાળા અને વ્યવસાયિક શિક્ષણ માટે લાગુ કરવામાં આવી રહ્યુ છે.
- NCrFનો મુસદ્દો ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા બનાવવામાં આવ્યો હતો જેમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(1) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGC)

(2) ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ટેકનિકલ એજ્યુકેશન (AICTE)

(3) નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (NCVET)

(4) નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS)

(5) સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)

(6) રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT)

(7) કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય

(8) ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેનિંગ

(9) કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- તે ઉચ્ચ શિક્ષણ માટે UGC દ્વારા ગયા વર્ષે શરૂ કરાયેલ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ (ABC) દ્વારા હાથ ધરવામાં આવશે. ABC એ ક્રેડિટનો ડિજિટલ ભંડાર છે.
- આ માળખુ ધોરણ 5 થી PhD સુધીના અભ્યાસ ક્રમોને લાગુ પડશે.

## ક્રેડિટ સિસ્ટમ

NCrF પરની ઉચ્ચ સ્તરીય સમિતિનો અહેવાલ, જેને પબ્લિક ડોમેનમાં મૂકવામાં આવ્યો છે, તે વર્ગ 5થી ક્રેડિટ લેવલની દરખાસ્ત કરે છે જે ક્રેડિટ લેવલ 1 હશે,જેમાં અનુસ્નાતક અને ડોક્ટોરેટ અનુક્રમે ક્રેડિટ લેવલ 7 અને 8 સુધી જશે.

- શિક્ષણના દરેક વર્ષ સાથે ક્રેડિટ લેવલ 0.5 વધશે.

## ક્રેડિટ અર્નિંગ

ક્રેડિટ અસાઈનમેન્ટ માટે કુલ 'વર્ષમાં નેશનલ (કાલ્પનિક) લર્નિંગ કલાક' 1200 કલાક હશે.

- છ મહિનાના સેમેસ્ટર દીઠ 20 ક્રેડિટ સાથે દર વર્ષે 1200 કલાકના શિક્ષણ માટે ઓછામાં ઓછી 40 ક્રેડિટ મેળવી શકાય છે.
- દરેક ક્રેડિટ પ્રતિ ક્રેડિટ 30 કલાક લર્નિંગ સાથે આવશે.
- NCrFના સંદર્ભમાં શીખવાના કલાકો માત્ર વર્ગખંડોમાં ભણાવવા માટે જ નહીં પણ સહ–અભ્યાસક્રમ અને અભ્યાસસ્તરે પ્રવૃત્તિઓમાં વિતાવેલા સમયનો પણ ઉલ્લેખ કરે છે.
- આવી પ્રવૃત્તિ યાદીમાં રમતગમત, યોગ, પર્ફોર્મિંગ, સંગીત, સામાજિક કાર્ય, NCC, વ્યવસાયિક શિક્ષણ તેમજ નોકરી પરની તાલીમ, ઈન્ટરશિર્પનો સમાવેશ થાય છે.

## સરળ પ્રવેશ અને નિકાસ

ક્રેડિટ ટ્રાન્સફર મિકેનિઝમ કોઈપણ વિદ્યાર્થીને કોઈપણ સમયે સામાન્ય અને વ્યવસાયિક બંને રીતે શૈક્ષણિક ઈકોસિસ્ટમમાં પ્રવેશવા અને બહાર નિકળવા માટે સક્ષમ બનાવશે.

- આવા કિસ્સાઓમાં શીખનાર દ્વારા મેળવેલ કાર્ય અનુભવ અથવા કોઈપણ તાલીમને યોગ્ય મહત્વ આપવામાં આવે છે.

## સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ પર યોગ્ય ધ્યાન આપવું

નવું ક્રેડિટ માળખુ વર્ગખંડમાં શિક્ષણ, પ્રયોગશાળા કાર્ય, વર્ગખંડના પ્રોજેક્ટ્સ, રમતો અને અન્ય પ્રવૃત્તિઓમાં પ્રદર્શનને ધ્યાનમાં લેશે. તેમજ અભ્યાસક્રમ અને સહ–અભ્યાસિક પ્રવૃત્તિઓ અથવા વિવિધ વિષયો વચ્ચે તફાવત નહીં કરે.

## આધાર-સક્ષમ વિદ્યાર્થીઓની નોંધણી

આધાર સક્ષમ વિદ્યાર્થીઓની નોંધણી કરવામાં આવશે. વિદ્યાર્થીની નોંધણી બાદ એકેડેમિક ક્રેડિટ બેંક ખાતુ ખોલવામાં આવશે.

- તથા ડિજીલોકર જેવા નોલેજ લોકર પણ હશે.

## શૈક્ષણિક ક્રેડિટ બેંક

ઉચ્ચ શિક્ષણ માટે તાજેતરમાં શરૂ કરાયેલ એકેડેમિક ક્રેડિટ બેંકોને શાળા શિક્ષણમાંથી મેળવેલા ધિરાણના એન્ડ–ટુ–એન્ડ મેનેજમેન્ટને મંજૂરી આપવા માટે વિસ્તૃત કરવામાં આવશે અને તેમાં વ્યવસાયિક શિક્ષણ અને તાલીમનો પણ સમાવેશ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** તાજેતરમાં કયા રાજ્યમાં એશિયાના સૌથી મોટા કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ?

(A) પંજાબ (B) હરિયાણા (C) ઉત્તરપ્રદેશ (D) મધ્યપ્રદેશ **(A)**

**2.** તાજેતરમાં 'સિતરંગ' (Sitrang) નામનો શબ્દ ચર્ચામાં રહ્યો હતો. તે શું છે ?

(A) DRDO દ્વારા વિકસાવેલ બેલેસ્ટિક મિસાઈલ

(B) ISRO દ્વારા અવકાશમાં મૂકાયેલ ફ્રાન્સનો ઉપગ્રહ

(C) રશિયા દ્વારા યુક્રેન પર કબજે કરાયેલ પ્રદેશનું નામ

(D) બંગાળની ખાડીમાં ઉદ્‌ભવેલુ ઉષ્ણકટિબંધીય ચક્રવાત **(D)**

**3.** તાજેતરમાં ચક્રવાત સિતરંગે (Sitrang) બાંગ્લાદેશમાં વિનાશ સર્જ્યો હતો. આ ચક્રવાતનું નામ કોણે આપ્યુ છે ?

(A) મ્યાનમાર (B) થાઈલેન્ડ (C) ઓમાન (D) કતાર **(B)**

**4.** તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે 'નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક' (NCrF)ના ડ્રાફ્ટનું અનાવરણ કર્યુ હતું તેના સદંર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેનો ઉદ્દેશ્ય સમગ્ર શિક્ષણ પ્રણાલીને શાળાથી યુનિવર્સિટી સુધી શૈક્ષણિક 'ક્રેડિટ' શાસન હેઠળ લાવવાનો છે.

(B) આ ફ્રેમવર્ક તૈયાર કરવા માટે એન.વી. ઐયર સમિતિની રચના કરવામાં આવી હતી.

(C) A અને B બંને સાચા

(D) A અને B બંને ખોટા **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 27 ઓક્ટોબર, (1) વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ હેરિટેજ દિવસ (World Day For Audiovisual Heritage)**
**(2) પાયદળ દિવસ (Infantry Day)**

## ભારતના વધુ બે દરિયા કિનારાને 'Blue Flag Certification' મળ્યુ



પર્યાવરણ ક્ષેત્રે કાર્ય કરતી વિશ્વની પ્રસિદ્ધ સંસ્થા '**Foundation For Environmental Education**' દ્વારા ભારતના વધુ બે દરિયાકિનારા (બીચ) ને '**Blue Flag Beach**' નું સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે.

- આ બે બીચમાં લક્ષદ્વીપમાં 'મિનિકોય થુંડી બીચ' અને 'કદમત બીચ'નો સમાવેશ થાય છે.
- આ સાથે ભારતમાં બ્લુ ફ્લેગ સર્ટિફિકેટ' પ્રાપ્ત કરનાર દરિયાકિનારા (અથવા બીચ)ની સંખ્યા 12 થઈ ગઈ છે.

### ભારતના 'બ્લૂ ફ્લેગ' બીચ

| ક્રમ | બીચ | રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1 | શિવરાજપુર | ગુજરાત |
| 2 | ઘોઘલા | દીવ |
| 3 | રાધાનગર | આંદામાન નિકોબાર ટાપુ |
| 4 | કપ્પડ | કેરળ |
| 5 | કાસાકરોડ | કર્ણાટક |
| 6 | પાડુબિદરી | કર્ણાટક |
| 7 | ઋષિકોન્ડા | આંધ્રપ્રદેશ |
| 8 | ગોલ્ડન | ઓડિશા |
| 9 | કોવલમ | તમિલનાડુ |
| 10 | એડન (અથવા ઈડન) | પુડુચેરી |
| 11 | મિનિકોય થુંડી | લક્ષદ્વીપ |
| 12 | કદમત્ત | લક્ષદ્વીપ |

નોંધ : (1) FEE દ્વારા પર્યાવરણની જાળવણી, બીચની સ્વચ્છતા, પ્રવાસીઓ માટે સુવિધા, પ્રવાસીઓની સલામતી, સમુદ્રી પ્રદૂષણ વગેરે જેવા 33 જેટલા માપદંડોને આધારે આ સર્ટિફિકેટ આપવામાં આવે છે.
(2) આથી, આવુ સર્ટિફિકેટ ધરાવતા બીચ વિદેશી પ્રવાસીઓને સરળતાથી આકર્ષી શકે છે.

## ભારત અને અમેરિકા વચ્ચે ટાઈગર ટ્રાયમ્ફ કવાયત યોજાઈ

આંધ્રપ્રદેશના <u>વિશાખાપટ્ટનમ</u>માં <u>અમેરિકા</u> અને <u>ભારતીય દળો</u> દ્વારા સંયુક્ત રીતે <u>‘ટાઈગર ટ્રાયમ્ફ’ (Tiger Triumph)</u> કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ વર્ષે ‘ટાઈગર ટ્રાયમ્ફ’ ટેબલટોપ સિમ્યુલેશન <u>18 થી 20 ઓક્ટોબર</u> દરમિયાન <u>વિશાખાપટ્ટનમ</u> ખાતે હાથ ધરવામાં આવી હતી.
- સુપર–સાયક્લોનથી પ્રભાવિત ત્રીજા દેશને સંકલિત આપત્તિ રાહત પ્રદાન કરવી એ ભારતીય અને યુએસ સૈન્ય તથા રાજદ્વારી પ્રતિનિધિઓ દ્વારા એક વિશાળ પ્રયાસ છે.
- તેનો હેતુ <u>આપત્તિઓનો જવાબ</u> આપતી વખતે બંને દેશો વચ્ચે રાજદ્વારી, ઓપરેશન અને લશ્કરી સંકલનને સુવ્યવસ્થિત કરવાનો હતો.
- આ કવાયતમાં ભારત અને અમેરિકનના 50 સૈનિકોએ ભાગ લીધો હતો.
- ટાઈગર ટ્રાયમ્ફ કવાયતની 2022 આવૃત્તિ એ <u>આપત્તિ રાહત</u> પર કેન્દ્રિત ભારત અને યુએસ વચ્ચેની બીજી સંયુક્ત કવાયત છે.
- એ પણ નોંધનીય છે કે અમેરિકા અને ભારત વચ્ચે આ પ્રથમ ત્રિ–સેવા કવાયત છે. ઈન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ હેડક્વાર્ટરના નેજા હેઠળ તેનું આયોજન કરવામાં આવ્યું હતું.



1. 'વિશ્વ ઓડિયોવિઝ્યુઅલ દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 26 ઓક્ટોબર (B) 27 ઓક્ટોબર (C) 28 ઓક્ટોબર (D) 29 ઓક્ટોબર (B)

2. 'પાયદળ દિવસ' અથવા 'Infantray Day' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 26 ઓક્ટોબર (B) 27 ઓક્ટોબર (C) 28 ઓક્ટોબર (D) 29 ઓક્ટોબર (B)

3. તાજેતરમાં ફાઉન્ડેશન ફોર એનવાયર્નમેન્ટલ એજ્યુકેશન (FEE) દ્વારા 'મિનિકોય થુંડી બીચ' અને 'કદમત બીચ'ને 'બ્લુ ફ્લેગ' સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. તે કયા રાજ્ય અથવા કેન્દ્રશાસીત પ્રદેશમાં સ્થિત છે ?

(A) લક્ષદ્વીપ (B) પુડુચેરી (C) પ. બંગાળ (D) તમિલનાડુ (A)

4. ઓક્ટોબર 2022ની સ્થિતિએ ભારતના કુલ કેટલા દરિયાકિનારાને 'Blue Flag Certification' મળ્યુ છે ?

(A) 20 (B) 18 (C) 16 (D) 12 (D)

5. ઓક્ટોબર 2022માં ભારત અને કયા દેશ વચ્ચે 'ટાઈગર ટ્રાયમ્ફ (Tiger Triumph) કવાયત યોજાઈ હતી ?

(A) જાપાન (B) અમેરિકા (C) રશિયા (D) શ્રીલંકા (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ (International Animation Day)

## ઉત્સર્જન ગેપ રિપોર્ટ 2022 (Emissions Gap Report 2022)

યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ (UNEP) દ્વારા તાજેતરમાં 'Emission Gap Report 2022 - The Closing Window' શીર્ષક હેઠળનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો.



- તે UNEP ઉત્સર્જન ગેપ રિપોર્ટની 13મી આવૃત્તિ હતી.

### રિપોર્ટના મુખ્ય તારણો

ટોચના 7 ઉત્સર્જકો (ચીન, EU27, ભારત, ઈન્ડોનેશિયા, બ્રાઝિલ, રશિયન ફેડરેશન અને યુ.એસ) સાથે આંતરરાષ્ટ્રીય પરિવહન 2020માં વૈશ્વિક GHG ઉત્સર્જનમાં 55% હિસ્સો ધરાવે છે.

- સામૂહિક રીતે G20 સભ્ય દેશો વૈશ્વિક GHG (ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન)ના 75% ઉત્સર્જન માટે જવાબદાર છે.
- વર્ષ 2020માં સરેરાશ માથાદીઠ વૈશ્વિક GHG ઉત્સર્જન 6.3 ટન $CO_2$ સમકક્ષ હતું.
- ભારત 2.4 $CO_2$ સમકક્ષ ($tCO2_e$)ની વિશ્વની સરેરાશથી ઘણુ નીચે છે.
- 2015માં અપનાવવામાં આવેલા પેરિસ આબોહવા કરારમાં નિર્ધારિત લક્ષ્યાંકોથી વિશ્વ પાછળ રહી ગયું છે, જે 1.5°C લક્ષ્ય સુધી પહોચવા માટે કોઈ વિશ્વસનીય માર્ગ દર્શાવતો નથી.
- પેરિસ સમજૂતીએ પૂર્વ–ઔદ્યોગિક સીરો (પ્રાધન્યમાં 1.5°C) કરતા ગ્લોબલ વોર્મિંગની મર્યાદા 2°C ઉપર વ્યાખ્યાયિત કરી છે, જે આત્યાંતિક હીટવેવ્સ, દુષ્કાળ, પાણીની અછત વગેરે જેવી આત્યંતિક હવામાન ઘટનાઓ બની શકે છે.
- COP 26 (ગ્લાસ્ગો, યુકે) બાદ રાષ્ટ્રીય પ્રતિજ્ઞાઓ 2030 ઉત્સર્જનની આગાહીમાં નજીવો તફાવત બનાવે છે.
- વર્તમાન નીતિઓ 2100 સુધીમાં તાપમાનમાં 2.8°Cના વધારા તરફ દોરી જશે.

**નોંધ :** પેરિસ કરારના લક્ષ્યોને હાંસલ કરવા માટે GHG ઉત્સર્જન 2030 સુધીમાં 45 ટકા ઘટાડવુ આવશ્યક છે. જોકે અહેવાલ દર્શાવે છે કે ઉત્સર્જન ચિંતાજનક અને રેકોર્ડ–ઉચ્ચ સ્તરે છે અને હજુ પણ વધિ રહ્યુ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉત્સર્જન ગેપ રિપોર્ટ શું છે ?

ઉત્સર્જન ગેપ રિપોર્ટ ઉત્સર્જનમાં ઘટાડો કરવા માટેની દેશોની પ્રતિબદ્ધતા અને વર્ષ 2100 સુધીમાં વૈશ્વિક તાપમાનમાં 2°C થી નીચે લાવવા માટે જરૂરી ઘટાડા વચ્ચેના અંતરનું મૂલ્યાંકન કરે છે.


- તે 2030માં કેટલા ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનનો અંદાજ છે તે વચ્ચેના તફાવતનું વિશ્લેષણ કરે છે.
- રિપોર્ટને પેરિસ કરારના અમલીકરણ અંગેની માહિતી માટે વૈજ્ઞાનિક રીતે અધિકૃત સ્ત્રોત તરીકે જોવામાં આવે છે.
- તે 2011થી UNEP કોપનહેગન ક્લાઈમેન્ટ સેન્ટર (UNEP CCC) દ્વારા પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે.

## 2022 યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેન્ટ ચેન્જ કોન્ફરન્સ (COP 27) ઇજિપ્તમાં યોજાશે.

2022 યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેન્ટ ચેન્જ કોન્ફરન્સ (COP 27) આ વર્ષે 6 થી 18 નવેમ્બર દરમિયાન ઈજિપ્તમાં યોજાશે.

- ઈજિપ્તની સરકાર શર્મ અલ–શેખમાં UNFCCC (COP27) માટે પક્ષકારોની 27મી કોન્ફરન્સનું આયોજન કરશે.
- આફ્રિકામાં આ પાંચમી વખત કોન્ફરન્સ ઓફ ધ પાર્ટીઝ (COP) યોજાઈ રહી છે.
- COP27માં ભાગ લેવા માટે 200થી વધુ સરકારને આમંત્રણ આપવામાં આવ્યું છે.
- કોમ્યુનિટી જૂથો, થિંક ટેન્ક, વ્યવસાયો અને આસ્થા (વિશ્વાસ) સમૂહ પણ ભાગ લેશે.

નોંધ : કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP) એ સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે જે યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેન્ટ ચેન્જ (UNCCC) ના અમલીકરણની દેખરેખ અને સમીક્ષા માટે જવાબદાર છે.



1. 'આંતરરાષ્ટ્રીય એનિમેશન દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

(A) 27 ઓક્ટોબર (B) 28 ઓક્ટોબર (C) 29 ઓક્ટોબર (D) 30 ઓક્ટોબર (B)

2. તાજેતરમાં કોના દ્વારા 'Emission Gap Report 2022' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે ?

(A) UNEP (B) World Bank (C) FAO (D) ADB (A)

3. તાજેતરમાં UNEP દ્વારા 'Emission Gap Report 2022 - The Closing Window' શીર્ષક હેઠળનો અહેવાલ બહાર પાડવામાં આવ્યો હતો. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે UNEP ઉત્સર્જન ગેપ રિપોર્ટની 13મી આવૃત્તિ હતી.

2. સામૂહિક રીતે G20 સભ્ય દેશો વૈશ્વિક GHG (ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન)ના 75% ઉત્સર્જન માટે જવાબદાર છે.

3. વર્ષ 2020માં સરેરાશ માથાદીઠ વૈશ્વિક GHG ઉત્સર્જન 6.3 સમકક્ષ હતું.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. 2022 યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેન્ટ ચેન્જ કોન્ફરન્સ (COP27) ક્યાં યોજાશે ?

(A) ફ્રાન્સ (B) ઈજિપ્ત (C) ઓસ્ટ્રેલિયા (D) કેનેડા (B)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 29 ઓક્ટોબર, (1) વિશ્વ સોરાયિસસ દિવસ (World Psoriasis Day)
## (2) આતંરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ (International Internet Day)

### વિશ્વ સોરાયિસસ દિવસ

દર વર્ષે 29 ઓક્ટોબરના રોજ 'વિશ્વ સોરાયિસસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સોરાયિસસ અને સોરાયાટિક સંધિવાથી અસરગ્રસ્ત લોકોના જીવનની ગુણવતામાં સુધારો કરવા સંબંધિત જાગૃત્તિને પ્રોત્સાહન આપવા માટે વર્ષ 2004માં ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ સોરાયિસસ એસોસિએશન (IFPA) દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વિશ્વ સોરાયિસસ દિવસ 2022ની થીમ 'Uniting For Action' છે.
- સોરાયસીસ એ એક રોગ છે. જે ઓવરએક્ટિવ ઈમ્યુન સિસ્ટમના કારણે થાય છે.
- સામાન્ય વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ 30 દિવસમાં નવા કોષો ઉત્પન્ન કરે છે, જ્યારે સોરાયિસસના દર્દીઓનું શરીર 2-3 દિવસમાં નવા કોષો ઉત્પન્ન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ ક્ષય રોગ રિપોર્ટ - 2022 : WHO



વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ તાજેતરમાં વર્લ્ડ ટ્યૂબરક્યુલોસિસ રિપોર્ટ 2022 બહાર પાડ્યો છે.

- જે વિશ્વભરમાં ક્ષય રોગ (TB)ના નિદાન સારવાર અને રોગના બોઝ પર Covid-19 મહામારીની અસરની રૂપરેખા છે.

### રિપોર્ટના મુખ્ય તારણો

### વૈશ્વિક સ્તરે નિદાન અને મૃત્યુ દર

2021માં સમગ્ર વિશ્વમાં લગભગ 10.6 મિલિયન લોકોને ટીબી હોવાનું નિદાન થયું હતું, જે 2020 કરતા 4.5% વધુ છે.

- જ્યારે 1.6 મિલિયન દર્દીઓ આ રોગથી મૃત્યુ પામ્યા હતા.
- TBના કુલ મૃત્યુમાંથી 187,000 દર્દીઓ HIV માટે પણ પોઝેટીવ હતા.

- HIV - નેગેટિવ લોકોમાં વૈશ્વિક ક્ષય રોગના લગભગ 82% મૃત્યુ આફ્રિકન અને દક્ષિણ–પૂર્વ એશિયાના પ્રદેશોમાં થયા છે.
- TBના નવા નિદાન થયેલા લોકોની નોંધાયેલ સંખ્યા 2019માં 7.1 મિલિયનથી ઘટીને 2020માં 5.8 મિલિયન થઈ ગઈ છે.
- 2021માં 6.4 મિલિયનની આંશિક પુનઃપ્રાપ્તિ થઈ હતી, પરંતુ તે હજી પણ પૂર્વ–મહામારીના સ્તરોથી નીચે હતી.

## ભારત અને TB

28% કેસ સાથે કુલ ટીબી દર્દીઓની સંખ્યાના બે તૃતિયાંશ (68.3%) કરતા વધુ હિસ્સો ધરાવતા આઠ દેશોમાં ભારતનો સમાવેશ થાય છે.

- અન્ય દેશોમાં ઈન્ડોનેશિયા (9.2% કેસ), ચીન (7.4%), ફિલિપાઈન્સ (7%), પાકિસ્તાન (5.8%), નાઈજીરીયા (4.4%), બાંગ્લાદેશ (3.6%) અને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (2.9%)નો સમાવેશ થાય છે.
- HIV નેગેટિવ લોકોમાં ટીબી સંબંધિત વૈશ્વિક મૃત્યુમાં ભારતનો હિસ્સો 36% છે.
- ભારત એવા ત્રણ દેશોમાંનો એક હતો (ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સ સાથે) જેણે 2020 (વૈશ્વિકના 67%)માં મોટાભાગના ઘટાડા માટે જવાબદાર હતા. અને 2021માં આંશિક પુનઃપ્રાપ્તિ કરી હતી.
- સમય જતા અન્ય દેશોની સરખામણીએ ભારતે મુખ્ય મેટ્રિક્સ પર ઘણુ સારૂ પ્રદર્શન કર્યુ છે.
- વર્ષ 2021 માટે ભારતની ટીબી ઘટનાઓ પ્રતિ 100,000 વસતીએ 210 છે – 2015ના આધારરેખા વર્ષની સરખામણીમાં (જે 100,000 વસતી દીઠ 256 હતી).
- આ બાબતે ભારતનો 18% (7 પોઈન્ટ)નો ઘટાડો છે, ઘટના દરના સંદર્ભમાં ભારત 36માં ક્રમે છે, જે વૈશ્વિક સરેરાશ 11% કરતા વધુ સારૂ છે.

## ટીબી નાબૂદી માટેના મુખ્ય પડકારો

2020 અને 2021ની વચ્ચે વૈશ્વિક સ્તરે દવા–પ્રતિરોધક ટીબી (DR TB)નું ભારણ 3% વધ્યુ છે, 2021માં રિફામ્પિસિન–પ્રતિરોધક ટીબી (RR TB)ના 450,000 નવા કેસ નોંધાયા છે.

## Covid-19ના કારણે વિક્ષેપો

ઘણા વર્ષોમાં આ પ્રથમ વખત છે જ્યારે TB અને DR ટીબી અને બંને વિકસિત લોકોની સંખ્યામાં વધારો નોંધવામાં આવ્યો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- **2021માં કોવિડ-19 દ્વારા ઘણી સેવાઓ ખોરવાઈ ગઈ હતી પરંતુ ટીબી પ્રતિભાવ પર તેની અસર ખાસ કરીને ગંભીર રહી છે.**

**નોંધ :** (1) વૈશ્વિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે ક્ષય રોગના રોગચાળા અને રોગ નિવારણ, નિદાન અને સારવારમાં દેશની પ્રગતિનું વ્યાપક મૂલ્યાંકન પ્રદાન કરવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્લ્ડ ટીબી રિપોર્ટ બહાર પાડવામાં આવે છે.

(2) આ રિપોર્ટ મુખ્યત્વે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા રાષ્ટ્રીય આરોગ્ય મંત્રાલયો પાસેથી એકત્રિત કરવામાં આવેલા ડેટા પર આધારિત છે.

## વિશ્વ દૃષ્ટિ દિવસ - 2022

વિશ્વ દૃષ્ટિ દિવસ દર વર્ષે ઓક્ટોબર મહિનાના બીજા ગુરૂવારના રોજ ઉજવવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2022માં 13 ઓક્ટોબરના રોજ 'વિશ્વ દૃષ્ટિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશનના સાઈટ ફર્સ્ટ અભિયાન હેઠળ વર્ષ 2000માં પ્રથમ વખત આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- 'વિશ્વ દૃષ્ટિ દિવસ' 2022ની થીમ 'Love Your Eyes' છે.
- આ દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે વિશ્વભારમાં એક અબજથી વધુ લોકો છે જેઓ યોગ્ય રીતે જોઈ શકતા નથી કારણ કે તેમની પાસે ચશ્મા નથી. તેમાંથી એક અબજ લોકો અટકાવી શકાય તેવી દૃષ્ટિની ક્ષતિથી પીડાય છે.



1. 'વિશ્વ સોરાયિસસ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

(A) 29 ઓક્ટોબર (B) 30 ઓક્ટોબર (C) 31 ઓક્ટોબર (D) 1 નવેમ્બર (A)

2. 'આંતરરાષ્ટ્રીય ઈન્ટરનેટ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 26 ઓક્ટોબર (B) 27 ઓક્ટોબર (C) 28 ઓક્ટોબર (D) 29 ઓક્ટોબર (D)

3. તાજેતરમાં WHOએ 'વર્લ્ડ ટ્યૂબરક્યુલોસિસ રિપોર્ટ 2022' બહાર પાડ્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. 2021માં સમગ્ર વિશ્વમાં લગભગ 10.6 મિલિયન લોકોને ટીબી હોવાનું નિદાન થયુ હતું, જે 2020 કરતા 4.5% વધુ છે.
2. TBના નવા નિદાન થયેલા લોકોની નોંધાયેલ સંખ્યા 2019માં 7.1 મિલિયનથી ઘટીને 2020માં 5.8 મિલિયન થઈ ગઈ છે.
3. આ રિપોર્ટ અનુસાર 28% કેસ સાથે કુલ ટીબી દર્દીઓની સંખ્યાના બે તૃતિયાંશ (68.3%) કરતા વધુ હિસ્સો ધરાવતા આઠ દેશોમાં ભારતનો સમાવેશ થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. 'વિશ્વ દૃષ્ટિ દિવસ' દર વર્ષે કયા દિવસના રોજ ઉજવવામાં આવે છે ?

(A) 29 ઓક્ટોબર (B) ઓક્ટોબર માસનો બીજો ગુરૂવાર
(C) 30 ઓક્ટોબર (D) ઓક્ટોબર માસનો બીજો શનિવાર (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **કર્ણાટક દર્શન : 2022**

કર્ણાટક સંઘ અમદાવાદની 75મી વર્ષગાંઠ નિમિત્તે 'કર્ણાટક દર્શન 2022'નો શુભારંભ અમદાવાદ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં થયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે ગુજરાત અને કર્ણાટકનો દેશના અર્થતંત્રમાં નોંધપાત્ર ફાળો રહ્યો છે. ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાયેલ આ ફેસ્ટિવલમાં કર્ણાટક અને કન્નડ સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ શાસ્ત્રીય સંગીત, નૃત્ય કળા અને લોકગીતો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

## ભારત

➤ **AFC એશિયા કપ 2023**

ભારત કતારમાં યોજનાર AFC એશિયા કપ 2023 માટે ક્વોલિફાય થઈ ગયુ છે ભારત અને સાઉદી અરેબિયાએ એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન (AFC) હેઠળ આયોજિત થનારી એશિયા કપની 2027 AFC આવૃત્તિની યજમાની કરવા માંગ કરી છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન કતાર 2027 AFC એશિયા કપની યજમાની કરવા આતુર હતું, પરંતુ 2023ની આવૃત્તિ માટે યજમાન તરીકે તેની જાહેરાત કરવામાં આવી છે. એશિયન ફૂટબોલ ફેડરેશન (AFC) એશિયાની ફૂટબોલ સંચાલક મંડળ છે. તેની સ્થાપના 8 મે 1954ના રોજ થઈ હતી. તેનું મુખ્ય મથક મલેશિયાના કુઆલાલંપુરમાં છે.

➤ **દુર્ગાવતી ટાઈગર રિઝર્વ : મધ્યપ્રદેશ**

મધ્યપ્રદેશ વાઈલ્ડલાઈફ બોર્ડે તાજેતરમાં દુર્ગાવતી ટાઈગર રિઝર્વ નામના નવા ટાઈગર રિઝર્વની સ્થાપનાને મંજૂરી આપી છે. તે મધ્યપ્રદેશના નરસિંહપુર, દમોહ અને સાગર જિલ્લાઓને આવરી લેતા 2,339 ચોરસ કિમીના નવા વાઘ અનામતમાં ફેલાયેલ હશે. તેમાં કોર એરિયા તરીકે 1,414 ચોરસ કિ.મી. અને બફર ઝોન તરીકે 925 ચોરસ કિ.મી.નો વિસ્તાર હશે. ગ્રીન કોરિડોર દ્વારા વાઘને તેમની કુદરતી હિલચાલને પ્રોત્સાહિત કરીને નવા રિઝર્વમાં ખસેડવામાં આવશે જે તેને પન્ના ટાઈગર રિઝર્વ સાથે જોડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- **મધ્યપ્રદેશમાં પાંચમી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સનું આયોજન કરવામાં આવશે.**

પાંચમી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2022નું આયોજન આવતા વર્ષે 31 જાન્યુઆરીથી 11 ફેબ્રુઆરી દરમિયાન મધ્યપ્રદેશમાં થવાનું છે. પાંચમી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સનું આયોજન મધ્યપ્રદેશના 8 શહેરોમાં કરવામાં આવશે. ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન, ગ્વાલિયર, જબલપુર, મંડલા, ખરગોન અને બાલાઘાટ. આ એડિશનમાં રમત–ગમતના ઈતિહાસમાં પ્રથમ વખત વોટર સ્પોર્ટ્સ સહિત 27 સ્પોર્ટ્સ ડિસિપ્લિનનો સમાવેશ કરવામાં આવશે. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સની યજમાની કરનાર મધ્યપ્રદેશ પાંચમુ રાજ્ય હશે. અગાઉની આવૃત્તિઓ નવી દિલ્હી, મહારાષ્ટ્ર, આસામ અને હરિયાણામાં યોજાઈ હતી. 2021ની આવૃત્તિ હરિયાણામાં જૂન 2022માં યોજવામાં આવી હતી.

- **ઈલેક્ટ્રિક વાહનો માટે સમાન સલામતી ધોરણો**

ઈલેક્ટ્રિક વાહનો માટે સમાન સલામતી ધોરણો સ્થાપિત કરવા માટે ભારત 1 એપ્રિલ 2023થી ઈલેક્ટ્રિક વાહનોની તેની પ્રથમ ટ્રાયલ શરૂ કરશે. તાજેતરના મહિનાઓમાં ઈલેક્ટ્રિક ટુ–વ્હીલર્સ અને ફોર–વ્હીલર્સમાં આગની સંખ્યાબંધ ઘટનાઓની ચિંતાના પગલે આ પગલું લેવામાં આવ્યું છે. હાલમાં ભારતમાં ઈલેક્ટ્રિક વાહનો માટે કોઈ કેન્દ્રીય પરીક્ષણ સુવિધા નથી અને ઉત્પાદકો પાસે પોતાના ધોરણો છે. જૂન 2022માં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ દ્વારા વ્યાપક ISO ધોરણો સાથે સુસંગત લિથિયમ–આયન બેટરી પેક અને ટ્રેક્શન સિસ્ટમ માટે પ્રદર્શન માપદંડ જારી કરીને બેટરી ટેક્નોલોજીના માનકીકરણ તરફનું પ્રથમ મોટુ પગલું લેવામાં આવ્યું છે. બેટરી સંચાલિત વાહનોના પરીક્ષણ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગોઠવવાનું કાર્ય પૂણે સ્થિત ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા (ARAI)ને સોંપવામાં આવ્યું છે. ભારે ઉદ્યોગ મંત્રાલયે ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહનોના પરીક્ષણ, પ્રમાણપત્ર અને વિકાસ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના માટે ARAIને 44 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ચંદન સ્પાઈક રોગ

તાજેતરના અભ્યાસમાં દર્શાવવામાં આવ્યુ છે કે સેન્ડલવુડ સ્પાઈક ડિસીઝ (SSD) ચંદનની વ્યાપારી ખેતી માટે ગંભીર ખતરો છે. ચંદન સ્પાઈક રોગ એ એક ચેપી રોગ છે જે ફાયટોપ્લાઝમાને કારણે થાય છે. આ રોગ સૌપ્રથમ વર્ષ 1899માં કર્ણાટકના કોડાગુ જિલ્લામાં જોવા મળ્યો હતો. દર વર્ષે 1 થી 5% ચંદનના વૃક્ષો આ રોગને કારણે નાશ પામે છે. આ રોગનો સામનો કરવા માટે IWST, બેંગ્લોર અને પુણે સ્થિત નેશનલ સેન્ટર ફોર સેલ સાયન્સ ત્રણ વર્ષના અભ્યાસ માટે સાથે મળીને કામ કરશે.

### ➤ ભારત-રશિયા વેપાર

તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે ડેટા બહાર પાડ્યો છે જે દર્શાવે છે કે રશિયા સાથેનો ભારતનો દ્વિપક્ષીય વેપાર નાણાકીય વર્ષ 2022-23ના માત્ર પાંચ મહિના (એપ્રિલ–ઓગસ્ટ) 18,229.03 મિલિયન ડોલરની સર્વકાલીન ટોચે પહોંચી ગયો છે. બંને દેશો વચ્ચેનો કુલ દ્વિપક્ષીય વેપાર વર્ષ 2021-2022માં 13,124.68 મિલિયન યુએસ ડોલર અને 2020-21માં 8,141.26 મિલિયન યુએસ ડોલર હતો. રશિયા હવે ભારતનું સાતમું સૌથી મોટુ વેપારી ભાગીદારી બની ગયું છે, જે ગયા વર્ષે તેના 25માં સ્થાને હતું. યુ.એસ., ચીન, સંયુક્ત આરબ અમીરાત, સાઉદી અરેબિયા, ઈરાક અને ઈન્ડોનેશિયા એવા છ દેશો હતા જેમણે 2022-23ના પ્રથમ પાંચ મહિના દરમિયાન ભારત સાથે વેપારનું ઊંચું પ્રમાણ નોંધાવ્યુ હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ 7મી આસિયન-ભારત મંત્રી સ્તરીય બેઠક

તાજેતરમાં કૃષિ અને વનીકરણ પર 7મી આસિયન–ભારત મંત્રી સ્તરીય બેઠક વર્ચ્યુઅલ સ્વરૂપમાં યોજાઈ હતી. આ બેઠકમાં આસિયાનને ભારતની એક્ટ ઈસ્ટ નીતિના કેન્દ્રમાં રાખવાના તેના વિઝનનો પુનરોચ્ચાર કર્યો છે તેણે પ્રદેશમાં કૃષિ માટે ટકાઉ અને સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવા માટે આસિયાન સાથે પરસ્પર નજીકના પ્રાદેશિક સહયોગ પર પણ ભાર મુક્યો હતો. ભારતે આસિયાનના સભ્ય દેશોને બાજરીના ઉત્પાદન, પ્રોસેસિંગ, મૂલ્યવર્ધન અને વપરાશમાં વધારો કરવાના ભારતના પ્રયાસોને સમર્થન આપવા વિનંતી કરી છે.

**➤ ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ (CCI) દ્વારા ગૂગલને દંડ**

ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ (CCI) દ્વારા આલ્ફાબેટની માલિકીની ગૂગલને એન્ડ્રોઈડ મોબાઈલ ડિવાઈસ ઈકોસિસ્ટમથી સંબંધિત વિસ્તારોમાં તેના પ્રભાવશાળી પદનો દૂરપયોગ કરવા બદલ રૂ.936.44 કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. 2019માં CCIએ એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમ પર આધારિત સ્માર્ટફોન વિશે ગ્રાહકની ફરિયાદોના જવાબમાં ગૂગલની અયોગ્ય વ્યવસાય પદ્ધતિઓની તપાસનો આદેશ આપ્યો હતો.

**➤ ભારત સરકારે ગ્લાયફોસેટના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો**

ભારત સરકારે સત્તાવાર રીતે લોકપ્રીય હાર્બિસાઈડ ગ્લાયફોસેટના ઉપયોગ પર પ્રતિબંધ મુક્યો હતો. ગ્લાયફોસેટ એક હર્બિસાઈડ છે. જેનો ઉપયોગ પહોળા પાંદડાવાળા છોડ અને ઘાંસ બંનેને મારવા માટે થાય છે. તે બિન પસંદગી યુક્ત હર્બિસાઈડ છે. જે લગભગ તમામ છોડને તેમની વૃદ્ધિ માટે જરૂરી ચોક્કસ પ્રોટીન ઉત્પન્ન કરવાથી અટકાવીને મારી શકે છે. ભારત સરકારે મનુષ્યો અને પ્રાણીઓના સ્વાસ્થ્યના જોખમને કારણે ગ્લાયફોસેટના ઉપયોગ પર સત્તાવાર રીતે પ્રતિબંધ મૂક્યો છે. ભારતમાં તે Ht Bt કપાસની ગેરકાયદે ખેતી શરૂ થયા પછી તેનો ઉપયોગ દેશમાં લોકપ્રીય બન્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

**➤ સોલાર ફેસિલિટી**

ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સે (ISA) તેની 5મી બેઠકમાં 'સોલાર ફેસિલિટી'ને મંજૂરી આપી છે. સોલાર ફેસિલિટી એ ISA ફ્રેમવર્ક હેઠળ પેમેન્ટ ગેરંટી મિકેનિઝમ છે. સૌર ઊર્જા ક્ષેત્રમાં રોકાણ આકર્ષવા માટે 2030 સુધીમાં સૌર ઊર્જા રોકાણમાં 1 ટ્રિલિયન ડોલરને અનલોક કરવાના ISA લક્ષ્યને અનુરૂપ પહેલ શરૂ કરવામાં આવી હતી. તે ભંડોળ અને ટેક્નોલોજીના ખર્ચને ઘટાડવા માટે પણ છે. સૌર સુવિધામાં 2 ઘટકો છે – સૌર ચુકવણી ગેરંટી ફંડ અને સૌર વીમા ભંડોળ. આ સુવિધા વિશ્વભરના વિવિધ ખાનગી દાતાઓ પાસેથી રોકાણનું ક્રાઉડ–સોર્સ કરશે.

## ➤ ગ્લોબલ ફોરેસ્ટ સેક્ટર આઉટલુક 2050 રિપોર્ટ

યુનાઈટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) દ્વારા તાજેતરમાં ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન કમીટીના 26માં સત્રમાં 'ગ્લોબલ ફોરેસ્ટ સેક્ટર આઉટલુક 2050 : એસેસિંગ ફ્યુચર ડિમાન્ડ એન્ડ સોર્સ ઓફ અ સસ્ટેનેબલ ઈકોનોમી' શીર્ષક હેઠળનો રિપોર્ટ તાજેતરમાં બહાર પાડવામાં આવ્યો હતો. નવા બહાર પાડવામાં આવેલા અહેવાલમાં લાકડાના ઉત્પાદનોની વધતી માંગની આગાહી કરવામાં આવી છે. તેમની માંગ 2050 સુધીમાં વધીને 272 મિલિયન ક્યુબિક મીટર થઈ શકે છે. તેનાથી વિકાસશીલ દેશોમાં 1 મિલિયનથી વધુ નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે. આ અહેવાલમાં અંદાજ છે કે પ્રાથમિક પ્રોસેસ્ડ લાકડાના ઉત્પાદનોનો વપરાશ 2050 સુધિમાં વધીને 3.1 બિલિયન ક્યુબિક મીટર થઈ જશે. 2020માં લભગભ 44 ટકા IRW (ઔદ્યોગિક રાઉન્ડવૂડ) ઉત્પાદન પુનર્જીવિત સમશીતોષ્ણ અને બોરિયલ જંગલો દ્વારા પ્રદાન કરવામાં આવ્યું હતું. 2050 સુધીમાં IRW ઉત્પાદન ટકાવી રાખવા અને વિસ્તરણ કરવા માટે 40 બિલિયન અમેરિકન ડોલરના કુલ વાર્ષિક રોકાણની જરૂર પડશે. ઉદ્યોગોના આધુનિકરણ અને સ્થાપના માટે 25 મિલિયન અમેરિકન ડોલરના અન્ય ભંડોળની જરૂર પડશે.

## ➤ વન હેલ્થ જોઈન્ટ પ્લાન ઓફ એક્શન (OH JPA)

WHO, FAO અને વર્લ્ડ એનિમલ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વન હેલ્થ જોઈન્ટ પ્લાન ઓફ એક્શન (OH JPA)નું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સંયુક્ત કાર્ય યોજનાનો ઉદ્દેશ્ય વૈશ્વિક આરોગ્ય સંકટને સામુહિક રીતે અટકાવવા, અપેક્ષા રાખવા, શોધવા અને તેનો પ્રતિસાદ આપવા માટે પ્રણાલીઓને એકીકૃત કરવાનો અને ક્ષમતા વધારવાનો છે. તે મનુષ્યો, પ્રણાલીઓ, છોડ અને પર્યાવરણના સ્વાસ્થ્યને વધારશે અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપશે. આ એક્શન પ્લાન 2022 થી 2026 દરમિયાન આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સ્તરે સ્વાસ્થ્ય પડકારોને પહોંચી વળવા માટે લાગુ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **7મો આયુર્વેદ દિવસ**

આંતરરાષ્ટ્રીય સ્તરે 23 ઓક્ટોબર 2022ના રોજ 7મા આયુર્વેદ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષના આયુર્વેદ દિવસની ઉજવણી 'હર દિન હર ઘર આયુર્વેદ'ની થીમ હેઠળ ઉજવવામાં આવી હતી. દરરોજ હર ઘર આયુર્વેદિક કેમ્પિંગનો હેતુ આયુર્વેદને લોકો સુધી પહોંચાડવાનો છે. આયુષ મંત્રાલયે ભારતમાં આરોગ્યની આયુષ પ્રણાલીને વેગ આપ્યો છે. અને હવે આયુર્વેદ 30 દેશોમાં માન્ય છે. નોંધનીય છે કે ધન્વંતરી જંયતિને આયુર્વેદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

➤ **ઓલમેનિયા જીનસની અન્ય પ્રજાતિઓ**

તાજેતરમાં ઓલમેનિયા મલ્ટિફલોરા નામની ઓલમેનિયા જીનસની નવી પ્રજાતિની ઓળખ કરવામાં આવી છે. ઓલમેનિયા મલ્ટિફલોરા લગભગ 60 સે.મી.ની ઊંચાઈ સુધી વધે છે અને અત્યાર સુધી શોધાયેલ જીનસની માત્ર બીજી પ્રજાતિ છે. આ પ્રજાતિ વનસ્પતિશાસ્ત્ર અને સંરક્ષણ બંને દષ્ટિકોણથી તદ્દન વિશિષ્ટ છે. ઓલમેનિયા મલ્ટિફલોરાનું નામ એક જ ફૂલોની અંદર મોટી સંખ્યામાં ફૂલો માટે રાખવામાં આવ્યું છે. ઓલમેનિયા મલ્ટિફલોરા એ વાર્ષિક ઔષધિ છે જે પાયામાંથી ઊભી થતી સીધી શાખાઓ સાથે છે. દાંડી પાયામાં લાલથી જાંબલી અને ઉપર લીલી હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સખારોવ પ્રાઈઝ - 2022**

વિચારની સ્વંતત્રતા માટે 2022 સખારોવ પુરસ્કાર યુક્રેનિયન લોકોને આપવામાં આવ્યો હતો. તે યુક્રેનિયન લોકોની બહાદૂરીનું સન્માન કરે છે જેઓ રશિયન આક્રમણથી પ્રભાવિત થયા છે અને યુદ્ધના મેદાનમાં સ્વતંત્રતા, લોકશાહી, કાયદાના શાસન અને યુરોપિયન મૂલ્યોની રક્ષામાં તેમની ભૂમિકાનું સન્માન કરે છે. સખારોવ પુરસ્કારમાં 50,000 યુરોની ઈનામની રકમ હોય છે, તે યુક્રેનિયન નાગરિક સમાજના પ્રતિનિધિઓને વિતરિત કરવામાં આવશે.

➤ **પાકિસ્તાનને FATF ગ્રે લિસ્ટમાંથી હટાવી દેવામાં આવ્યું.**

ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)એ જાહેરાત કરી હતી કે તે પાકિસ્તાનને તેની ગ્રે લિસ્ટમાંથી કાઢી નાખશે. કારણ કે પાકિસ્તાનમાં કાનૂની અને સરકારી મિકેનિઝમ્સને મજબૂત કરવામાં અને દેખરેખ ક્ષમતા વધારવામાં પ્રગતિ થઈ છે. નોંધનીય છે કે સર્વસંમતિથી પાકિસ્તાનને ગ્રે લિસ્ટમાંથી દૂર કરવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાનને 2018માં ગ્રે લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યું છે.

## ICE ? Questions

- ‘કર્ણાટક સંઘ અમદાવાદ’ની _____મી વર્ષગાંઠ નિમિત્તે ‘કર્ણાટક દર્શન 2022’નું આયોજન થયું હતું. – 75
- ભારત _____માં યોજનાર AFC એશિયા કપ 2023 (ફૂટબોલ) માટે ક્વોલિફાય થઈ ગયું છે. – કતાર
- તાજેતરમાં ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA)એ તેની કેટલામી બેઠકમાં ‘સોલાર ફેસિલિટી’ની મંજૂરી આપી છે ? – 5મી
- કયા રાજ્યમાં પાંચમી ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સનું આયોજન કરવામાં આવશે ? – મધ્યપ્રદેશ
- તાજેતરમાં ચર્ચામાં રહેલ દુર્ગાવતી ટાઈગર રિઝર્વ કયા રાજ્યમાં સ્થિત છે ? – મધ્યપ્રદેશ
- તાજેતરમાં કોના દ્વારા ફોરેસ્ટ સેક્ટર આઉટલુક 2050 રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો ? – FAO
- તાજેતરમાં કેટલામાં આયુર્વેદ દિવસની ઉજવણી કરવામાં આવી હતી ? – 7માં
- વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડેટા અનુસાર ભારત રશિયા સાથેનો દ્વિપક્ષીય વેપાર નાણાકીય વર્ષ 2022-23ના માત્ર પાંચ મહિનામાં _____ મિલિયન ડોલરની સર્વકાલીન ટોચે પહોંચી ગયો છે. – 18229.03
- SSD ચંદનના વૃક્ષ સાથે સંબંધિત રોગ છે. આ SSDનું પૂરું નામ જણાવો. – સેન્ડલવુડ સ્પાઈક ડિસીઝ
- વિચારની સ્વતંત્રતા માટે વર્ષ 2022નો સખારોવ પુરસ્કાર કયા દેશના લોકોને આપવામાં આવ્યો હતો ? – યુક્રેનિયન
- તાજેતરમાં કયા દેશને FATFની ગ્રે લિસ્ટમાંથી હટાવ્યું છે ? – પાકિસ્તાન
- OH JPAનું પૂરું નામ જણાવો. – વન હેલ્થ જોઈન્ટ પ્લાન ઓફ એક્શન
- તાજેતરમાં કેટલામી આસિયાન–ભારત મંત્રી સ્તરીય બેઠક યોજાઈ હતી ? – 7મી
- તાજેતરમાં _____ દ્વારા ગૂગલને રૂ.936.44 કરોડનો દંડ ફટકાર્યો હતો. – ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. 'વિશ્વ આયોડિન અલ્પતા(ઉણપ)' દિવસનું આયોજન કયારે કરવામાં આવે છે ? – 21 ઓક્ટોબર

2. કયું રાજ્ય 'ઈન્ડિયન અર્બન હાઉસિંગ કોન્કલેવ-2022'નું યજમાન છે ? – ગુજરાત

(વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના રાજકોટમાં આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત ત્રણ દિવસીય કાર્યક્રમ 'ઈન્ડિયન અર્બન હાઉસિંગ કોન્કલેવ-2022'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું.)

3. 'ક્લાઈમેન્ટ ટ્રાન્સપરન્સી રિપોર્ટ 2022' અનુસાર ગરમી સંબંધિત શ્રમ ક્ષમતામાં ઘટાડાથી થતી આવકના નુકસાનથી કયો દેશ સૌથી વધુ પ્રભાવિત થયો હતો ? – ભારત

4. વિદેશ મંત્રાલય દ્વારા આયોજિત 'હેડ્સ ઓફ મિશન કોન્ફરન્સ'નું યજમાન કયું શહેર છે ? – કેવડિયા

(વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયામાં 10મી હેડ ઓફ મિશન કોન્ફરન્સમાં હાજરી આપી હતી. તેનું આયોજન વિદેશ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ કેવડિયામાં યુએન સેક્રેટરી–જનરલ એન્ટેનિયો ગુટેરસની હાજરીમાં Mission Life ની શરૂઆત કરી હતી.)

5. કઈ સંસ્થાએ સ્વદેશી ટ્રેનર એરક્રાફ્ટ HTT-40 વિકસાવ્યું હતું, જેનું તાજેતરમાં અનાવરણ કરવામાં આવ્યું છે ? – HAL

6. 7મો આયુર્વેદ દિવસ (વર્ષ 2022માં) કયા દિવસના રોજ ઉજવવામાં આવ્યો હતો ? – 23 ઓક્ટોબર

7. ઈન્ડો–તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP)નો 61મો રાઈઝિંગ ડે ________ના રોજ ઉજવવામાં આવ્યો હતો. – 24 ઓક્ટોબર

8. 24 ઓક્ટોબર, 2022ના રોજ સંયુક્ત રાષ્ટ્રની કેટલામી વર્ષગાઠની ઉજવણી કરવામાં આવી છે ? – 77મી

9. સેન્ટિ–મિલિયોનેર્સના ઉદય પર વૈશ્વિક સંશોધનમાં ભારતનું સ્થાન શું છે ? – ત્રીજુ

(સલાહકાર કંપની હેનલી એન્ડ પાર્ટનર્સ દ્વારા કરવામાં આવેલા નવા સર્વે મુજબ સેન્ટી મિલિયોનેર એવી વ્યક્તિઓ છે જેમની સંપત્તિ 830 કરોડ (100 મિલિયન અમેરિકન ડોલર) રૂપિયાથી વધુ છે. વિશ્વના 25,490 ટકા કરોડપતિઓમાંથી ભારતમાં 1,132 છે. અમેરિકા અને ચીન પ્રથમ બે સ્થાને છે.)

10. ભારતની સૌપ્રથમ 'માઈગ્રેશન મોનિટરિંગ સિસ્ટમ' કયા શહેરમાં શરૂ કરવામાં આવી છે ? – મુંબઈ

(આ સિસ્ટમ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વિકસાવવામાં આવી છે. તેનો હેતુ સ્થળાંતરિત સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ અને બાળકો વિશે એક જ સિસ્ટમ પર તાત્કાલિક અપડેટ માહિતી પ્રદાન કરવાનો છે)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. કઈ સંસ્થાએ ‘રાષ્ટ્રીય બૌદ્ધિક સંપત્તિ પુરસ્કાર, 2021 અને 2022 જીત્યા છે ? – IIT મદ્રાસ
12. કયા રાજ્યમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY)-III શરૂ કરવામાં આવી છે ? – હિમાચલ પ્રદેશ
13. 2023 ફિફા મહિલા વર્લ્ડ કપ માટે અનાવરણ કરાયેલા માસકોટનું નામ શું છે ? – તજુની
(ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડમાં આવતા વર્ષે યોજનાર ફિફા મહિલા વર્લ્ડ કપ માટે પોંગ્વિન તઝુનીને સત્તાવાર માસ્કોટ તરીકે અનાવરણ કરવામાં આવ્યુ છે.)
14. ‘પ્રધાનમંત્રી આવાસ યોજના–અર્બન (PMAY-U) એવોર્ડ 2021’માં કયા રાજ્યને પ્રથમ સ્થાન મળ્યુ છે ? – ઉત્તરપ્રદેશ
15. તાજેતરમાં ધ લેન્સેટ કાઉન્ટડાઉન ઓન હેલ્થ એન્ડ ક્લાઈમેટ ચેન્જે ‘ડિપેન્ડસી ઓફ ફોસિલ ફ્યુઅલ’ નામનો રિપોર્ટ બહાર પાડ્યો છે, જેમાં દર્શાવવામાં આવ્યું છે કે 2000-2004 થી 2017-2021 સુધીમાં ભારતમાં ગરમીથી થતા મૃત્યુમાં _____ નો વધારો થયો છે. – 55%
16. બાળકો સામેના સાયબર ગુનાઓને રોકવા માટે કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશે ‘કુંજપ’ મોબાઈલ એપ્લિકેશન શરૂ કરી છે ? – કેરળ
17. સંયુક્ત રાષ્ટ્ર દર વર્ષે કયા મહિનામાં ‘નિઃશસ્ત્રીકરણ સપ્તાહ’ મનાવવામાં આવે છે ? – ઓક્ટોબર (24 થી 30 ઓક્ટોબર)
18. કયા રાજ્યએ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાટે અનામત વધારીને 17% અને 7% કરવા માટે વટહુકમ પસાર કર્યો છે ? – કર્ણાટક
19. કયા દેશે આનુવંશિક રીતે સંશોધિત ભારતીય સરસવની પ્રજાતિ ‘બ્રાસિકા જુન્સિયા’ની વ્યવસાયિક ખેતીને મંજૂરી આપી છે ? – ઓસ્ટ્રેલિયા
20. નેરલ–માથેરાન ટોય ટ્રેન કયાં રાજ્ય સાથે સંકળાયેલ છે ? – મહારાષ્ટ્ર
(નેરલ–માથેરાન ટોપ ટ્રેન પ્રવાસન સ્થળ નેરલ–માથેરન વચ્ચે દોડતી હતી, જે અકસ્માતના કારણે બંધ થઈ હતી.)
21. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે ‘વન–ટાઈમ વેલ્થ ટેક્સ માફી યોજના’ (SAMRIDDHI) બહાર પાડી છે ? – નવી દિલ્હી
22. કયો દેશ ‘COP27 : આબોહવા પરિવર્તન પર સંયુક્ત રાષ્ટ્રની 27મી બેઠક’નું યજમાન છે ? – ઈજિપ્ત
23. આનુવંશિક ઈજનેરી મૂલ્યાંકન સમિતિ (GEAC)એ વ્યવસાયિક ખેતી માટે કયા ઉત્પાદનના આનુવંશિક રીતે સંશોધિત સંસ્કરણને મંજૂરી આપી છે ? – સરસવ
24. કઈ સંસ્થાએ '2022 NDC Synthesis Report' બહાર પાડ્યો છે ? – UNF CCC
25. તાજેતરમાં કયા દેશની સંસદમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ 50%ને પાર ગયું છે ? – ન્યુઝિલેન્ડ
26. કઈ સંસ્થાએ ‘પ્રાયોરિટી ફંગલ પેથોજેન્સની યાદી’ જાહેર કરી છે ? – WHO

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

27. ‘પોટ્રેટ ઓફ ઈમિગ્રેશન ટુ કેનેડા’ રિપોર્ટ અનુસાર, તાજેતરમાં ઈમિગ્રેશન માટે જન્મનો અગ્રણી દેશ કયો છે ? – ભારત

28. કયા દેશે કોવિડ-19 સામે પ્રથમ ‘ઈન્હેલેબલ વેક્સિન લોન્ચ કરી છે ? – ચીન

29. ભારતે તાજેતરમાં કયા પ્રાદેશિક જૂથ સાથે સંબંધોની 30મી વર્ષગાંઠની ઉજવણી કરી હતી ? – આસિયાન

30. ઈન્ટરનેશનલ સિવિલ એવિશન ઓર્ગેનાઈઝેશન (ICAO)ની એર ટ્રાન્સપોર્ટ કમિટી (ATC)ના અધ્યક્ષ તરિકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – ડો. શેફાલી જુનેજા



**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

# ICE®

## INSTITUTE FOR COMPETITIVE EXAMS

**Website**
iceonline.in

**YouTube**
icerajkot

**WhatsApp**
joinicerajkot.com

**Telegram**
t.me/icerajkotofficial.com

**Instagram**
icerajkot

**Facebook**
icerajkot

**Twitter**
icerajkot

**ICE Magic**
ICE® MAGIC
WEEKLY CURRENT AFFAIRS
Free Download

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.